વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમત્સ સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૪, અંક : ૬, ઓગષ્ટ - ૨૦૧૩ છુટક નકલ કિંમત રૂ.૫-૦૦/-



જળઝીલણી એકાદશી શ્રી ગોમતીજી સ્નાન મહોત્સવ
તા. ૧૬-૯-૨૦૧૩ સોમવાર

જિર્ણોધ્ધાર પછી શ્રી ગોમતીજીના પવિત્ર સ્નાન - દર્શનનો લાભ લેતાં હરિભક્તોનું મનોરમ્ય દ્રશ્ય

# હિંડોળા મહોત્સવ
























**આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજને પાનબીડું ધરાવવા માટે શુદ્ધ સુવર્ણની ડીશ પૂ. શ્રી ધર્મજીવનદાસજી સ્વામી દ્વારા અર્પણ કરવામાં આવી હતી ઉપરાંત શ્રી હરિકૃષ્ણ મહારાજના મેગ્નેટીક ફોટાનું પૂ. મહારાજશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.**

Web Site :
www.vadtalmandir.org

E-mail address :

vsm191@yahoo.co.in

## Subscription

(india)

1year ₹. 50

Lifetime ₹. 500,

For Other Countries

(airmail) ₹. 6750

(lifetime)

Year - 4
Volume - 5
November - 2013




# Shree Vadtaldham Satsang

### જોઈ મૂરતિ મનોહર તારી...

જોઈ મૂરતિ મનોહર તારી,
માવા રે મારાં નેણાં લોભાણાં. ટેક.
પાઘડલી ઉપર શોભે છે,
નવલ કલંગી અતિ સારી. માવા ૦૧
હેત કરી હૈડા ઉપર રાખું,
પે' રાવું મોતીની માળા સારી. માવા ૦૨
અતિ શોભે છાતિ ઉપડતિ,
ચાલ જગતથી ન્યારી. માવા ૦૩
બ્રહ્માનંદ કહે સરસવ લૈને,
તમપર નાખું વારી. માવા ૦૪


**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Swami Nilkanthcharandasji Guru Swami Harijivandasji, **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone :** (0268) 2589728,776

# અનુક્રમણિકા











| ક્રમ | લેખ - લેખક | પાન નં. |
|---|---|---|
| ૧ | **''આધ્યાત્મમંથન'' - ૨૧**<br>- સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી | ૩ |
| ૨ | **સદ્.શ્રી આધારાનંદ સ્વામી જીવનદર્શન**<br>- સ્વામી શ્રી બ્રહ્મપ્રકાશદાસજી | ૬ |
| ૩ | **કરશન કંદોઈ-કુંડલા**<br>- શા.સ્વામી શ્રી સંતવલ્લભદાસજી | ૧૦ |
| ૩ | **જાગો નૌજવાન**<br>- સ્વામી શ્રી પ્રિયદર્શનદાસજી | ૧૪ |
| ૫ | **શિક્ષાપત્રી - A Management Mannual**<br>- ડો. સુરેશ પટેલ | ૧૬ |
| ૭ | **સંસ્થા અને સત્સંગ સમાચાર** | ૧૮ |
| ૮ | **માસિક ભેટ નામાવલી** | ૨૨ |

# "સદ્‌ગુણોની સુગંધ"

લેખક : સ્વામી શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી - કંડારી ગુરુકુલ
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી (પૂર્વ ચેરમેનશ્રી વરતાલ સંસ્થાન)

જનકલ્યાણ માસિકના સંસ્થાપક પુનિત મહારાજ લખે છે કે, "ભક્તિરૂપી વાડીમાં સદ્‌ગુણોરૂપી ફૂલડાં ખીલે છે. એની સુગંધ એવી છે કે યુગોના યુગો સુધી તાજી ને તાજી રહે છે. મોગરો, જૂઈ, ગુલાબ કે ચંપાનાં પુષ્પોની સુગંધ બે-ચાર દિવસ જળવાઈ રહે છે, પરંતુ જેની હૈયારૂપી વાડીમાં સદ્‌ગુણોનાં ફૂલડાં ખીલે છે એનો પમરાટ તો યુગો સુધી રહે છે ! ધ્રુવજી અને પ્રહલાદજી ઠેઠ સત્‌યુગમાં થઈ ગયા છે, છતાં તેઓના સદ્‌ગુણોની સુગંધ એવીને એવી જ હજુ પણ છે.

એક જ સૈકામાં આ દુનિયા ઉપર ચાર-પાંચ અબજ માનવી આવીને ચાલ્યા જાય છે. અર્થાત્ જન્મીને સંસારનાં સુખ-દુઃખ ભોગવીને મૃત્યુ પામે છે. એમાંથી ગણ્યા ગાંઠ્યા માનવીઓ જ પોતાના સદ્‌ગુણોનો પમરાટ મૂકી જાય છે એનું કારણ શું ? શું દરેક વ્યક્તિના હૈયામાં સદ્‌ગુણોનાં પુષ્પ નથી ખીલતાં?

મોટાં શહેરોમાં ઘણા બગીચાઓ હોય છે. એમાંથી માળીઓ બાગના અમુક ભાગને જ ચોખ્ખો રાખવામાં કાળજી રાખતા હોય છે; જ્યારે ઘણા માળીઓ દનિયું પાક્યું છે કે નહિ (પગાર આવે છે કે નહિ) એના ઉપર જ લક્ષ રાખતા હોય છે. આવા માળીઓનું લક્ષ બાગને અધિક સુંદર બનાવવાનું હોતું નથી. એમનું લક્ષ તો બને તેટલી મોજમજા ઉડાવવાનું જ હોય છે; પરિણામ એ આવે છે કે મોજમજામાં રાચનારા માળીઓના બાગમાં સુંદર ફૂલ ખીલતાં નથી. ખીલે છે તો સારી માવજતને અભાવે ખરી જાય છે, કાં તાપમાં કરમાઈ જાય છે; જ્યારે મહેનતું માળીઓના બાગમાં સારામાં સારાં ફૂલ ખીલી ઊઠે છે.

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે, સંતો અને ભક્તો કુશળ માળી સમાન છે. એમની હૈયારૂપી વાડીમાં સદ્‌ગુણોરૂપી પુષ્પો ખીલવવાં માટે એ ખૂબ મહેનત કરે છે. એ પુષ્પો વિષયના તાપથી કરમાઈ ન જાય એટલા માટે શાંતિરૂપી જળનો સતત છંટકાવ કરતા રહે છે. આટલી તકેદારીને લીધે જ એમનાં સદ્‌ગુણોરૂપી ફૂલો યુગોના યુગો સુધી સુગંધ આપે છે."

આ ભક્તિરૂપી વાડીનું ક્ષેત્ર અતિ વિશાળ છે. કેટલાય યુગોથી તે ખેડાતું આવ્યું છે, પણ હજી એ પૂરું ખેડાઈ નથી રહ્યું. ભક્તો ! આપણે પણ આપણા હૃદયરૂપી બગીચામાં સદ્‌ગુણોરૂપી સુગંધવાળાં ફૂલો ખીલવવાં માટે સંત-સમાગમ અને નવ પ્રકારની શ્રીહરિજીની ભક્તિ કરવા મંડી પડીએ; તેથી નવાં નવાં પુષ્પો આવશે અને ખીલી ગયેલાં જૂનાં પુષ્પો કરમાશે નહિ.



## "જીવનના ઘડવૈયા સંતો"

જીવન ઘડ્યા વિનાના પથ્થર જેવું છે તેથી એ ન જોવું ગમે કે ન સંઘરવું ગમે. અણઘડ પથ્થર જ્યારે પ્રતિમા બને છે ત્યારે આખી સ્થિતિ ફરી જાય છે, એ દર્શનીય બની જાય છે, વંદનીય બની જાય છે અને પૂજનીય બની જાય છે.

એ જ રીતે જીવનમાં દુર્ગુણો પથ્થર જેવા છે તેથી આપણા કોઈ સંગાથી થવા ઈચ્છતા નથી, પરંતુ તે જ જીવનમાં સદ્‌ગુણો આવવા લાગે એટલે પેલો પથ્થર મૂર્તિ બન્યા પછી વંદનીય બની ગયો, તેમ આપણને સંત-સમાગમરૂપી હથોડાથી ઘડીને દુર્ગુણરૂપી કચરો કાઢીને સદ્‌ગુણરૂપી જીવન મળશે. આપણી જીવનરૂપી મૂર્તિ ગુણોથી ઝળહળશે ત્યારે જે લોકો આપણી પાસે આવવા તૈયાર ન હતા તેઓ જ વંદન કરશે આ રહ્યા તેના પુરાવાઓ.

જોબનપગી ચરોતર અને કાનમ પ્રદેશના મશહુર ચોર-લૂંટારા હતા તેથી ધાર્મિક અને સજ્જન લોકો તેને ભાળી ગયા હોય તોય અપશુકન માની માંગલિક કાર્ય તે દિવસે બંધ રાખતા તેમજ તે પ્રત્યે નફરત રાખતા; પરંતુ શ્રીજી મહારાજ અને મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરીને દુર્ગુણો કાઢી નાખ્યા તો વંદનીય બની ગયા, એટલું જ નહિ પરંતુ સંતો-ભક્તોને પ્રેરણારૂપ બની ગયા!



લોધિકાના દરબાર અભેસિંહ જાડેજા શિકારમાં ને શરાબમાં લેલીન રહેતા હતા, પરંતુ ગોપાળાનંદ સ્વામીના યોગને કારણે દુર્ગુણોને તિલાંજલિ આપી ધ્યાનમાં છ કલાક દરરોજ બેસવા લાગ્યા તેના કારણે સવારમાં શુકન લેવા જેવા મહાન ધ્યાની ભક્ત બની ગયા.

નિર્દય લૂંટારો અંગુલિમાન, જે માણસને લૂંટે તેની આંગળીઓ કાપી નાખતો પછી તેને દોરીમાં પરોવી ડોકમાં પહેરતો. આવા ભયંકર દુર્ગુણેયુક્ત હતો, પરંતુ ભગવાન બુદ્ધના સમાગમને કારણે સંત બની ગયા, પૂજનીય બની ગયા.

લિલાખા ગામનો માંસપ્રિય મુંજોસુરુ ચારણ એવો હતો કે, ભરવાડના વાડામાંથી એક સાથે પાંચ ઘેટાં-બકરાંઓનાં બચ્ચાંઓને એક મુખમાં, બે બગલમાં અને બન્ને હાથમાં એક એક લઈને નદી-ડુંગરોની કોતરમાં લઈ જઈ ખાઈ જતો હતો, પરંતુ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમને કારણે મહાન સદ્‌ગુણી બની ગયા તેના કારણે પ્રાતઃકાળમાં સંભારવા યોગ્ય ગુણિયલ બની ગયા.

આવા તો અનેક લોકો ભયંકર દુર્ગુણવાળા હતા કે જેઓ સંતોના સમાગમે કરી સદ્‌ગુણી બની ગયા હતા. જેમ કે વાલિયો લૂંટારો, કોટિયાના જસા કામળીયા શિકારી, મેઘા પીપળીયાના રામ ધાધલ વ્યસની, હળવદના શામજી કોળી શિકારી, કમઢીયાના ડોન કાયાભાઈ સંધી વગેરે... સંતોના સમાગમથી પ્રાતઃસ્મરણીય બની ગયા છે.

સંતો તરફથી થતા નિષેધોમાં અને મુકાતાં નિયંત્રણોમાં જે ભક્તોને લાલ લાઈટવાળું સિગ્નલ દેખાય છે અને એના ઈશારાને અમલી બનાવીને જે આશ્રિતો એ દિશામાં આગળ વધતા અટકી જાય છે એ પોતાના જીવનને, પોતાના જીવનની પવિત્રતાને અને સદ્‌ગુણોને સુરક્ષિત રાખી દે છે. અને જેને એ નિષેધો અને નિયંત્રણો ખટકે છે, એમાં જેને દુશ્મનનાં દર્શન થાય છે અને એની અવગણના કરીને જે આગળ વધી જાય છે એ જાણે-અજાણ્યે પોતાના જીવનને બરબાદીના પંથે મૂકી દે છે.

છત્રીનું કામ પલળતા અટકાવવાનું છે, એમ સંતનું કામ પણ બગડતા અટકાવવાનું છે. ધોધમાર

વરસાદમાં છત્રીને દૂર મૂકીને ચાલનારો પલળ્યા વિના રહેતો નથી, તેમ મહાપુરુષોની આજ્ઞારૂપી છત્રી નહિ ઓઢનારો વિષયોરૂપી વરસાદથી પલળ્યા વિના રહેતો નથી.


નિષેધ અને નિયંત્રણ ન ગમે તે વ્યક્તિ કોઈપણ ક્ષેત્રમાં પોતાને કે પોતાની શક્તિને સલામત રાખી શકતો જ નથી. ગુંડાઓ સાથે દોસ્તી ન કરવા દીકરો બાપની આજ્ઞા ન માને તો શું થાય ? પ્રથમ નંબરે પાસ થવા ઈચ્છતા વિદ્યાર્થીને ટી.વી. ન જોવા માટે શિક્ષક કહે અને તેની અવજ્ઞા કરે તો ? પવિત્રતાને સાચવી રાખવા મમ્મી, પુત્રીને મવાલી છોકરાઓ સાથે બોલવાની ના કહે અને છતાં દીકરી ન માને તો ?

મેચ જીતી જવા ઈચ્છતો ક્રિકેટ ટીમનો કેપ્ટન, દારુ ન પીવાના કોચના નિયંત્રણની મશ્કરી કરવા લાગે તો ? શરદીનો દર્દી દહીં ન ખાવાના ડોકટરના સૂચનની અવગણના કરે તો ? જીવનની સલામતી ઈચ્છતો માણસ કોમી હુલ્લડના સમયમાં સરકાર તરફથી જાહેર થયેલ ૧૪૪મી કલમનો ભંગ કરવા તૈયાર થઈ જાય તો ? આમાં કોઈ જ બાંધછોડ કરી શકાતી નથી. નિષેધ અને નિયંત્રણને સ્વીકારીને એને અમલી બનાવવા જ પડે છે, નહિતર પરિણામ સારું નથી આવતું.

આગની આકર્ષક જવાળા જોઈને એના તરફ જવાની તૈયારી કરતા બાળકને ના પાડતી મમ્મી એ હકીકતમાં બાળકની હિતકાંક્ષિણી જ છે અને છતાં કરૂણતા એ છે કે, બાળકને એની મમ્મીમાં હિતકાંક્ષિણીનાં દર્શન થતાં જ નથી. એ જ રીતે જીવન બરબાદ ન થઈ જાય તે માટે સંતો આપણને નિયંત્રણમાં રાખવા માટે શાસ્ત્રોની આજ્ઞામાં રહેવાનું કહે છે તેથી પેલા બાળકની જેમ આપણને તેઓ હિતેચ્છુ નથી મનાતા.

સંપત્તિને સાચવવામાં જેટલી ચિંતા કરીએ છીએ તે કરતાં પણ જીવનમાંથી સદ્‌ગુણો જતા ન રહે તેની ચિંતા વિશેષ કરવી જોઈએ અને સતત સાવધાન રહેવું જોઈએ. ઘરનો દરવાજો ખોલવાથી બગીચાની સુવાસ જ અનુભવવા મળતી હોય તો પછી એ દરવાજો બંધ રાખવાની મુર્ખાઈ કરીને ઉકરડાની દુર્ગંધનો અનુભવ કરાવે એ દરવાજો ખોલીએ તો મહામુર્ખાઈ જ કરી કહેવાય, તેમ જીવનમાં સંત-સમાગમરૂપી દરવાજો ખોલીને સદ્‌ગુણોરૂપી સુવાસ મળતી હોય છતાં પણ એ બંધ કરી કુસંગીઓના સંગરૂપી દરવાજો ખોલીને દુર્ગુણોરૂપી દુર્ગંધ આવે તોય તેને અપનાવીએ તો એ જીવનને પાયમાલ કરવાની મુર્ખામી જ છે.

જીવનમાં જ્યારે પ્રેમનો મહાસાગર હિલોળા લેતો હોય ત્યારે અંદરથી સદ્‌ગુણોનાં મોતી જ બહાર આવે છે અને દ્વેષનો મહાસાગર હિલોળા લેતો હોય ત્યારે દુર્ગુણોનાં મડદાંઓ જ બહાર આવે છે. મકાનને ટકાવી રાખવા થાંભલાની જરૂર છે, શરીરને ટટ્ટાર ઊભું રાખવા પગની જરૂર છે, ઘરેણાં સલામત રાખવા તિજોરીની જરૂર છે, તેમ જીવનમાં હંમેશાં સદ્‌ગુણો જાળવી રાખવા માટે સંતોના સમાગમની જરૂર છે.



આવા સંતો હાલમાં પણ છે કે જેઓના સમાગમમાં આવેલ અનેકાનેક મુમુક્ષુ હરિભક્તો પોતાના જીવનમાં સદ્‌ગુણો શોભાવી રહ્યા છે. અરે ! એટલું જ નહિ, પરંતુ અનેક લોકો તો દેશ-વિદેશમાં એવા હતા કે દારુ-માંસ વગેરે ખાતાં પીતાં હતા, વ્યસનોમાં

(અનુ.પાન ૨૦ પર)

સદ્‌ગુણમૂર્તિ

# સદ્. શ્રી આધારાનંદ સ્વામી

## જીવનદર્શન

લેખક : સાધુ બ્રહ્મપ્રકાશદાસજી - કુંડળધામ
ગુરુવર્ય પ.પૂ.સદ્.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી (કુંડળધામ)

(ગતાંકથી ચાલુ)

**શ્રી હરિએ સ્વામીને સાથે રાખી મૂર્તીઓ કરાવીઃ**

જ્યારે શ્રીહરિ સુરત પધાર્યા ત્યારે પોતાના શિષ્ય ચીતારા દુલેરામને સાથે લઈ મહારાજ પાસે આવ્યા. તે ચીતારાએ મુનિબાબ્વાની એક છબી દોરી હતી હતી તે શ્રીહરિને દેખાડી. તે જોઈ શ્રીહરિ બહુ રાજી થયા. અને દુલેરામને કહ્યું, 'શ્વેતદ્વીપપતિ વાસુદેવ જમણો પગ તથા બંને ભુજાઓ ઊંચા રાખીને તપ કરતા હોય અને બંને બાજુ એક એક મુક્ત હાથ જોડીને ઊભા હોય એવી એક ચિત્ર પ્રતિમા તમે કરો. અને તે માટે અમે આ આધારાનંદસ્વામીનો તમારી સાથે રાખશું.' પછી તેણે સ્વામીના માર્ગદર્શન મુજબ તોવી પ્રતિમા બનાવવાનું શરૂ કર્યું.



અરદેશર કોટવાળને પણ શ્રીહરિની મૂર્તિ બનાવવાની ભાવના હતી. તેથી તેમણે તે સમયે મીઠારામ કરીને એક નવાબનો ચીતારો હતો. તેને નવાબની આજ્ઞા લઈ શ્રીહરિની પ્રતિમા ચીતરવા મોકલ્યો. તોણે નારાયણજીભાઈને વાત કરી. તોથી નારાયણજીભાઈએ આધારાનંદ સ્વામીને કહ્યું, 'તમે શ્રીહરિને ગુપ્ત રીતે આ વાત સંભળાવો અને મહારાજની મરજી લઈ આવો.' પછી તેને ઉત્તર આપીએ. તેથી આધારનનંદ સ્વામી શ્રીહરિની પાસે ગયા. તે વખતે શ્રીહરિ હિંડોળા ઉપર સભામાં બેઠા હતા. સ્વામી તેમની પાસે ડાબી બાજુમાં જઈને બેઠા. શ્રીહરિએ તેમની સામુ જોઈને કહ્યું, 'શું કામ આવ્યા છો ?' ત્યારે આધારાનંદ સ્વામીએ બીજા કોઈ ન સાંભળે તેમ શ્રીહરિને ચીતારો મૂર્તિ દોરવા આવ્યો છે તે વાત કહી. પછી શ્રીહરિ કહે, 'જમવા આવીએ ત્યારે પૂછજો.' પછી શ્રીહરિ જમવા ગયા. અને જમી રહ્યા બાદ હરિભક્તોને વિદાય કર્યા.

પૂર્વ છાયો :

સર્વોપરિ નિજ ઉપાસના, પોતે જ પ્રવર્તાવવા;
પોતે પ્રભુજી પ્રવૃત્ત થયા, નિજ ચિતરાવવા.
પ્રગટ ઉપાસના પચવી, સહુને મુશ્કેલ;
આધારાનંદ જેવા સંતને કોઈકને હોય સહેલ.

શ્રી હરિનાં અંતરમાં એક ઈચ્છા હતી કે, 'જ્યાં સુધી જીવ મારી સર્વોપરી ઉપાસના નહિ સમજે, ત્યાં સુધી તેની મુક્તિમાં ઘણો ફેર રહેશે. માટે જેમ છે તેમ મને જાણે તો જ જીવ આત્યંતિક કલ્યાણને પામે.' અને પોતનું સર્વોપરી સ્વરૂપ સહુ જીવને સમજાવવા માટે જ મહરાજ અનંત મુક્તો સાથે અહીં પધાર્યા હતા. તેથી જ શ્રીહરિ આજ એ કાર્ય કરવા માટે તૈયાર થયા. પરંતુ પ્રગટ પ્રભુનો આશય સમજવો અને પ્રગટની ઉપાસના પચાવવી એ આધારાનંદ સ્વામી જેવા વિરલ સંત માટે સહેલું છે. બધાનું આમાં કામ નથી.

પછી મીઠારામ ચીતારાને બોલાવીને શ્રી હરિએ કહ્યું, 'અમે કહીએ તે રીતે મૂર્તિ સારી અને

મોટી બનાવજો. આ ગોવિંદભાઈ તેના જેટલા કહેશો તે પ્રમાણે પૈસા આપશે.' પછી કહ્યું, 'શ્વેતદ્વીપમાં તપ કરતી વાસુદેવનારાયણની મૂર્તિ કરજો.' ત્યારે ચીતારો કહે, 'વાસુદેવનારાયણ કેમ તપ કરે છે ? તેની મને ખબર નથી.' પછી શ્રીહરિ જેમ વાસુદેવનારાયણ શ્વેતદ્વીપમાં તપ કરે છે તે રીતે પોતે પાટ ઉપર ઊભા રહ્યા અને કહ્યું, 'આ રીતે મૂર્તિ બનાવજો. અને તેની એક પડખે નર અને બીજે પડખે નારાયણ હાથ જોડીને ઊભા હોય તેમ ચીતરજો.' એમ કહી શ્રીહરિએ તેમને ૧૦ રૂપિયા આપી પાઘ બંધાવી.

પછી જ્યારે શ્રીહરિ સુરતથી નીકળ્યા ત્યારે મુક્તમુનિને પોતાના રથમાં બેસાડ્યા. શ્રીહરિ રથ હાંકવા બેઠા અને આધારાનંદસ્વામીને ભલામણ કરતાં કહ્યું કે, 'તમે હમણા અહીં રહેજો અને આપણે વાસુદેવનારાયણની બે ચિત્ર પ્રતિમા કરવાની કહે છે; તેને તમે જાણો છો. માટે એ બે માંથી જે પહેલી તૈયાર થાય તે લઈને ગઢપુર આવજો.' એમ કહી શ્રીહરિ સુરતથી નીકળ્યા ને ફરતાં ફરતાં ગઢપુર પહોંચ્યા. પછી આધારાનંદ સ્વામી પોતે સાથે રહીને તે પ્રતિમા દોરાવતા. તેમાં ચીતારા મીઠારામે શ્રીવાસુદેવ નારાયણ અને તેની બંને પડખે નર તથા નારાયણ હાથ જોડીને ઊભા છે; તેવી પ્રતિમા પ્રથમ તૈયાર કરી. જાણે ફાગણ માસ બેઠો ત્યારે સ્વામી તે પ્રતિમા લઈને ગઢપુર આવ્યા. સ્વામીની સાથે ધર્માત્માનંદ સ્વામી પણ હતા.

સ્વામી જ્યારે ગઢપુર આવ્યા ત્યારે શ્રીહરિ સંતોને લાડુ પીરસતા હતા. શ્રીહરિ તે બંને સંતોને ભાવથી ભેટ્યા અને અને પછી જમવા બેસાડ્યા. શ્રીહરિએ અતિ પ્રેમથી ત્રણ ત્રણ લાડુ પીરસ્યા. પછી તે જ દિવસે સાંજે સ્વામીને બોલાવીને કહ્યું, 'મૂર્તિ લાવો.' તેની આધારાનંદસ્વામી મૂર્તિ લાવ્યા અને પટ (કવર) ખોલીને બતાવી. તે જોઈને શ્રીહરિ મુર્તિની પ્રશંસા કરતા બોલ્યા કે, 'વાસુદેવ-નારાયણની મૂર્તિમાં અને આ મૂર્તિમાં એક રોમનો પણ ફેર નથી. શાસ્ત્રમાં જેવું વર્ણન કર્યું છે, તેવી જ આ મૂર્તિ થઈ છે.' આમ મૂર્તિ જોઈને શ્રીહરિ સ્વામી ઉપર અતિ રાજી થયા.

सोरठा : ऐसे पट जो जेह, आधारानंद मुनि यह ।
पास रखाये तेह, श्रीहरि एक जो लग ॥
(હ.ચ.સા.૨૮/૧૮)

શ્રીહરિએ આ સુરતના મીઠારામે આધારાનંદમુનિ સાથે રહીને બનાવેલી મૂર્તિ એક વર્ષ સુધી પોતાની પાસે રાખી. પછી કોઈ એકવાર સુરતના ભક્તો મહારાજ પાસે આવ્યા. તેમની સેવાથી શ્રીહરિ રાજી થયા. ત્યારે આ મૂર્તિ સુરતના ભક્તોને પ્રેમથી આપી. જે હાલ સુરત - રામપુરા મંદિરે સભામંડપમાં છે.

દોહા : ધન્ય ધન્ય સુરતવાસીને, ભાગ્યનો નહિ
પાર; સર્વોપરી જ છે, બીજા એના અવતાર.
એવો અનુપ આ પુરાવો, હરિનો કરાવેલ જેહ;
સુરતવાસી નિત્ય નજરે, રહે છે તેહ.
તેથી તેને અન્ય જેવા, શ્રીહરિ કેમ મનાય ?
અવતાર જેવા સર્વોપરી, કદીયે ન કહેવાય.

પછી શ્રીહરિએ સ્વામી પાસે બીજી પણ બે મૂર્તિઓ બનાવરાવી હતી.



**શ્રી હરીની જન્મપત્રીમાં અદ્‌ભુત ચિત્રકળા :**

વઢવાણના પંડિત લાધારામ ઠાકર જ્યોતિષ શાસ્ત્રમાં પારંગત વિદ્વાન હતા. તેણે એકવાર શ્રીહરિને પ્રાર્થના કરી કે, 'હે મહારાજ! હું આપની જન્મપત્રી રચીને મારી વિદ્યા સાર્થક કરવા માગું છું.' તેમનો નિષ્કામભાવ જોઈને

શ્રીહરિએ હા કહી. તેથી તેણે અતિ હૃદયની ભાવુકતાથી શ્રી હરિની જન્મપત્રી લખી. વિ.સં. ૧૮૮૪ અષાઢ સુદ - ૧૦ને બુધવારે આ જન્મપત્રી ગ્રંથ પુરો કરી ગઢપુરમાં શ્રીહરિને સમર્પણ કર્યો. આ સમયે શ્રીહરિની સાથે સતત સેવામાં રહેનારા આધારાનંદ સ્વામી ત્યાં હાજર હતા. તે સારા કવિ અને ચિત્રકાર હતા. તેમણે જે જન્મપત્રી જોઈને તે મુજબ ચિત્ર બનાવવાની શ્રીહરિની આજ્ઞા લીધી. પછી હાથના બનાવેલા સારા કાગળ નીચે સફેદ રેશમી કાપડ ચોંટાડીને ૧૪૨ ફૂટ લાંબો અને ૧૧ ઈંચ પહોળો પટ્ટો તૈયાર કર્યો. તેની બંને બાજુ બહારની ધારે બહુરંગી સુંદર ફુલવેલનું ચિતર તૈયાર કર્યું. તે ફુલવેલની વચ્ચેના ભાગમાં સુંદર સંસ્કૃત ભાષામાં પંડિત લાધારામ ઠાકરે રચેલી જન્મપત્રી લખી. તે જન્મપત્રીના મંગલ પ્રવેશનું ચિત્ર કલા કૌશલ્યના આદર્શ ઉદાહરણરૂપ મૂક્યું છે.



તદુપરાંત જન્મપત્રીને અનુરૂપ એવાં ૪૧ ચિત્રો દોર્યા છે. જે અનેક ભાવોની સ્થિતિને પ્રસ્તુત કરે છે. આ જન્મપત્રીમાં લાધારામ ઠાકરની વિદ્વતા અને આધારાનંદ સ્વામીની ચિત્રકળા, બંને પોતપોતાના ક્ષેત્રમાં સ્પર્ધા કરતા હોય ને શું ..! એવા અજોડ નમૂનારૂપ છે. લાધારામનું પાંડિત્ય અને આધારાનંદ સ્વામીનું કલાલાલિત્ય તે જન્મપત્રીમાં દોરેલી કુંડલીઓ અને ચક્રોમાં એકબીજાના પૂરક અને સંવર્ધક બનીને ગુણોની ચરમસીમા સુધી પહોંચ્યા છે. આ ૧૪૨ ફૂટના લાંબા પટ્ટા પર સુંદર કલાત્મક રીતે દોરેલી શ્રીહરિની જન્મપત્રી સં. ૧૮૮૬ મહા વદ-૮ના રોજ આધારાનંદસ્વામીએ ગઢપુરમાં પૂર્ણ કરી અ ને શ્રીહરિને સમર્પણ કરી. આ વાત શ્રીહરિની જન્મપત્રીના અંતિમ શ્લોકથી સિદ્ધ થયા છે.

स्त्रग्धरा : लाधारामेति नाम्ना, गणितविधिविदा
लेखितेयं द्विजेन । आधारानंदनाम्ना,
गुणिजनगुरुणा, चित्रिता जन्मपत्री ॥

આ લાધારામ વિપ્ર ભાગવત અને જ્યોતિષ ભણેલા હતા. શ્રીહરિ વઢવાણ પધારેલા ત્યારે તેમણે શ્રીહરિને ફુલહાર પહેરાવીને પુરમાં પધરાવ્યા હતા. 'યમયાતના' ગ્રંથ પણ સ્વામીની ચિત્રકળાના આદર્શ નમૂનારૂપ છે.

**સત્સંગ મજૂર :**

આવી અનેક કળાઓ તથા ગુણો તેમનામાં હોવા છતાં તેઓ સદૈવ સત્સંગના મજૂર બનીને રહ્યા. તે વાત સ્વામીએ પોતે જ હ.ચ.સા.૬/૩માં કહી છે. સિદ્ધાનંદસ્વામી કહે, 'શ્રીહરિનાં ચરિત્ર લખવાની મનમાં ઘણી ઈચ્છા છે. પરંતુ સર્વે વાત શ્રીહરિની વાતમાં છે. વિઘ્ન આવતા પળની પણ વાર લાગતી નથી. શ્રીહરિ તથા સંતો ભક્તો જેટલી સહાય કરે તેટલી સેવા થાય.

संत हरि ईछा होई, तितनो सो बनी आवहि एहि ।
ताके हाथ हे सोई, अपने हाथ न बात कोउ ॥
हरिजन संत धर्मकुल हि ताके, में बनी रहेहुं मजुर वाके । मजुरकुं हर्ष न काउ, धर्मकुल संत धनी सो रहाउ॥
मजुरी करन देवे ज्यां लगहि, चरित्र मजुरी करनी हे त्यां लगहि । थोरे माग्यकुं मजुरी एसा, कोटि जन्म न मिलत तेसा ॥

શ્રીહરિ સહુનું મૂળ છે. મેં મારા ગુરૂદેવ મુક્તાનંદસ્વામીની કાંઈક સેવા કરી ત્યારે તેમણે કૃપા

કરીને મને આશીર્વાદ આપ્યો. તેથી આ સંતો ભક્તો અને ધર્મકુળ રાજી થાય એવી સેવા મળી છે. નહિ તો આવી સેવા બીજાને ઝાઝી ક્યાં મળે છે ? મનુષ્યને બીજી અનેક નિધિ મળે છે, પરંતુ ચિંતામણિ એકપણ મળતો નથી. જ્યારે મારા ગુરૂ મુક્તાનંદસ્વામીએ તો કૃપા કરીને મને આ 'શ્રહરિચરિત્રામૃતસાગર' રૂપી ચિંતામણિ મારા હાથમાં આપ્યો છે. જ્યાં સુધી મારા ભાગ્ય હશે ત્યાં સુધી આ ચિંતામણિ મારા હાથમાં રહેશે. શ્રીહરિએ મારી બુદ્ધિમાં જેવો પ્રેરણાનો પ્રકાશ કાર્યો છે, તે પ્રમાણે હું આ ગ્રંથ ઉત્સાહથી લખું છું.' આવું મોટું કાર્ય પણ સત્સંગના મજુર બનીને કરવું; એ જ તેમનું સાચું મુક્તપણું, દાસપણું અને સાચી સાધુતા છે.

**અનુભવેલા પ્રસંગોની અનુપમ યાદી :**

સ્વામી હ.ચ.સા. ગ્રંથમાં વારે વારે લખે છે કે, 'હું જેવું ચિંતવન કરું તેવી મહારાજની મૂતિ મને દેખાય છે. અને શ્રીહરિ લખાવે તે મુજબ જ હું લખું છું.' સ્વામી સદૈવ સેવકના સેવક બની મહારાજ અને મોટા સંતોની મરજી હોય તેમ વર્તતા હતા. તેથી શ્રીહરિ પ્રાયઃ તેમને સાથે રાખતા હતા.

એકવાર લોયામાં સભા સંબોધતા શ્રીહરિએ કહ્યું, 'દરેક સંપ્રદાયોમાં તથા મતોમાં જુદા જુદા તિલક હોય છે. ધામોમાં ભગવાનની મૂર્તિઓ રહી છે તેમને પણ તિલક હોય છે અને તેનાથી તે મૂર્તિઓ સુંદર શોભે છે. પરંતુ આપણે આ સંપ્રદાયથી સારું, દેખાવમાં સહુ લોકોને પ્રિય લાગે એવું અને મોટા મોટા રાજાઓને પણ પ્રેમ થાય એવા તિલક ચાંદલાની પ્રથા આપણા સંપ્રદાયમાં પ્રવર્તાવવી છે.' એમ કહીને શ્રીહરિએ આધારાનંદસ્વામી તથા કપિલેશ્વરાનંદ સ્વામીને પાસે બોલાવ્યા અને કહ્યું જે, ''તમે બંને ઘણા હોશિયાર છો. માટે ઈચ્છરામભાઈના મુકામે જઈને, દર્પણમાં દેખીને ગોપીચંદનનું તિલક કરજો અને વચમાં ગોળ ચાંદલો કરજો. વળી, આધારાનંદસ્વામીને કહ્યું, લલાટમાં બીજના ચંદ્રના જેવું, નાસિકાના મૂળના ઊર્ધ્વપુંડ્ર તિલક કરજો.''

પછી તે બંને સંતો શ્રીહરિની આજ્ઞા મુજબ તિલક ચાંદલો કરીને આવ્યા. મહારાજે તેમને પોતાની સમીપે ઊભા રાખ્યા. પોતાના બંને હાથ તે બંને સંતોના મસ્તક ઉપર રાખ્યા અ ને સભામાં બેઠેલા સહુ સંતોને કહ્યું, 'સહુ જૂઓ, આ બેમાં કોનું તિલક સરસ છે ?' પછી સહુ સંતો પોતે જેવું જાણતા હતા તેવું અલગ અલગ રીતે બોલ્યા. છેલ્લે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'સંપ્રદાયમાં અલગ અલગ તિલક ચાંદલા હોય છે; પરંતુ ઊભું તિલક કરીને તેમાં વચ્ચે ચાંદલો કોઈ કરતા નથી તથા તિલકનાં મૂળમાં બીજના ચંદ્રમા જેવો ગોળાકાર પણ કોઈ મતમાં કરતા નથી. આધારાનંદ સ્વામીએ કરેલું તિલક સહુ કરતાં છટાદાર છે. આવું તિલક કોઈ મતમાં દેખાતું નથી. આ તિલક તો બીજા બધા તિલકોનો રાજા છે; તથા અનુપમ અને શ્રેષ્ઠ છે.'

ત્યારે શ્રીહરિએ કહ્યું જે, ''આવું તિલક બધાને એકસરખું કરતા આવડે નહિ.'' પછી શ્રીહરિએ નિષ્કુળાનંદસ્વામી અને આધારાનંદ સ્વામીને સાથે રાખી નારાયણજીભાઈ સુતાર પાસે શીશમના લાકડામાં તિલકનું બીબું કરાવ્યું. અને પછી સહુ સંતો થા ભક્તોને એ પ્રમાણે તિલક ચાંદલો કરવાનું કહ્યું. આ રીતે આપણા સંપ્રદાયમાં વિદ્યમાન તિલક ચાંદલાની શરૂઆત આધારાનંદસ્વામી દ્વારા શ્રીહરિએ કરાવેલી. (હ.ચ.સા.૨૪/૫૨)



(ક્રમશઃ)

# કરશન કંદોઈ-કુંડલા

લેખક : સ્વામી શ્રી સંતવલ્લભદાસજી - કંડારી ગુરુકુલ, M.A.Phd.
ગુરુવર્ય શાસ્ત્રીજી સ્વામી (પૂર્વ ચેરમેનશ્રી વરતાલ સંસ્થાન)

''अद्यैव वा मरणमस्तु युगान्तरे वा न्यायात्पथः प्रविचलन्ति पदं न धीरा : ''

આપણા નીતિકારો કહે છે કે, મીરાંબાઈની જેમ ઝેર પીવાની નોબત વાગે કે ભીષ્મપિતાની જેમ બાણશય્યા પર શયન કરવાનો સમય આવે, પણ વીર-ધીર -ગંભીર પુરુષો ક્યારેય ઉચિત ન્યાયમાર્ગનો ત્યાગ નથી કરતા. ભીષ્મ અને મીરાંબાઈની વાતો તો શતાબ્દીઓ વીતાવી ચૂકી છે. પરંતુ વર્તમાન સંદર્ભે નજીકના જ ભૂતકાળમાં પણ આપણા સંપ્રદાયમાં એવા અનેક ભક્તો થયા છે જેમણે ''માથા સાટે માલ'' માનીને સત્સંગ રાખતા આવી પડેલાં ભયંકર કષ્ટો સહન કર્યાં છે. એવા અનેક ભક્તોમાં એક નામ ગામ કુંડલાના કરશનજી કંદોઈનું પણ છે.



આજે કોઈ મુંબઈ જતું હોય તો કહેવાનું મન થાય થોડો ''હલવો ''લઈ આવજો, મોહનલાલ મીઠાઈવાળાનો ત્યાંથી. તેમ વર્ષો પહેલાં આસપાસનાં ગામડાંઓમાંથી કોઈ કુંડલા આવતું જતું હોય તો સમાચાર આવે, થોડો ''મેસુબ ''લઈ આવજો, કરશનજી કંદોઈને ત્યાંથી. એવો ધીકતો ધંધો કરીને પરિવારનું પાલન કરતા કરશનજીની મીઠાઈની સુગંધ દૂર-સુદૂર ગામડાંઓ સુધી ફેલાવા લાગી. લોકો લગ્ન-પારાયણ-વાસ્તુ જેવા પ્રસંગોએ કરશન કંદોઈને યાદ કરવા લાગ્યા. કરશન શું કરિશ્મા કરે છે તે કોઈને ન સમજાયું. પણ બીજા આસપાસના મીઠાઈવાળા સૌના ધંધામાં ઠંડી હવા ફરી વળે તે તો સૌને સમજાય તેવી વાત છે પણ ભાઈ, નસીબ અપના અપના. કરશન કંઈ સ્વર્ગમાથી સીધું નો તો લાવતો, પણ તેના હાથની મીઠાઈનો ટેસ્ટ કંઈક અનોખો હતો. એક વાર કોઈનાં લગ્ન પ્રસંગે મીઠાઈ બનાવવા ગયેલા કરશનજીને કોઈ એક સામાન્ય સ્થિતિના ભક્તનો સંસર્ગ થયો. તેણે નવા સંપ્રદાયની માહિતી રસ સાથે લીધી. તેને સંપ્રદાય પ્રત્યે આદર ભાવ થયો. મીઠી વાતો કરતા કરતા મીઠાઈ બનાવી મીઠા સંબંધ બાંધી બંને છૂટા પડ્યા, પણ એકબીજાને ભૂલ્યા નહિ. ધીરે ધીરે એક પરિવાર જેવો નાતો બંધાયો. એક બીજાનાં સુખ-દુઃખમાં ભાગીદાર થઈ શકે તેટલા નજીક આવી ગયા.

આમ તો કરશનજી કંદોઈનો ભાગ્યોદયનો સમય પણ નજીક જ આવી ગયેલો. કારણ કે તેને શ્રીહરિના આશ્રિત સાથે સંબંધ થયો હતો. ''ભગવાન જેમ નિર્ગુણ છે તેમ ભગવાનના ભક્ત પણ નિર્ગુણ છે.''( શિક્ષાપત્રી) ભક્તના સંગે પણ જીવ ભવસાગર તરી જાય છે. બન્યું પણ એવું જ. એ

ભગતને સમાચાર મળ્યા કે ગામમાં સંતો પધારવાના છે તેથી  તેણે સ્નેહી મિત્રશ્રી કરશનજીને પણ સત્સંગનો લાભ લેવા માટે આમંત્રણ આપ્યું. કરશનજી શુદ્ધ વૈષ્ણવ હતા છતાં એક મૈત્રી ખાતર સત્સંગમાં આવ્યા, તે આવ્યા પાછા ગયા જ નહિ. સંતોનાં નિર્મળ-નિખાલસ જીવનની તેના જીવનમાં ઊંડી છાપ પડી. અમી ઝરતાં નેણ ને મધઝરતાં વેણ સુણીને સત્સંગ સ્વીકાર્યો. પંચવર્તમાન ધારણ કર્યા ને સત્સંગી બની ગયા. ગામમાં કોઈ દારૂડિયો થઈ જાય તેની કોઈને ચિંતા નહિ, કોઈ તમાકુ ખાય ને કેન્સરમાં ફસાય તો કહેશે, ''હાથના કર્યા હૈયે વાગ્યા'' પણ જો કોઈ સન્માર્ગે ચાલે તો આખું ગામ તેને સલાહ સૂચન કરે. સાવધાન કરવા આવી જાય અને જાણે પિતામહ ભીષ્મ હોય તેમ ધર્મોપદેશ આપે. માની જા વત્સઃ આ તો મને મીઠી લાગણી એટલે કહું છું. ગોવિંદના ગુણ તો ગઢપણમાં નવરા થઈએ ત્યારે ગવાય.''

આ એક લોકસત્ય ઘટના છે. એમાં પણ વૈષ્ણવમાંથી સ્વામિનારાયણ થાય અને એ પણ પાછા આગેવાન પ્રતિષ્ઠિત કરશનજી કંદોઈ જેવા વ્યક્તિ, એ વાત તો કેમ છાની રહે ! ચોખામાં કોળું કેવી રીતે છુપાવી શકાય ? વાત ગઈ ગુંસાઈજી પાસે, તેમણે પાણી આવે તે પહેલાં પાળ બાંધવાનો મક્કમ નિર્ણય કર્યો. કરશનજી કંદોઈ જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિ આપણા હાથમાંથી જાય તો તેની પાછળ પાછળ બીજા ઘણા માણસો જાય. માટે કંઈક કરવાનો વિચાર કરવા લાગ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ તો વૈષ્ણવો પ્રત્યે આદર સન્માનની દ્રષ્ટિ રાખતા પણ આ તો વાડો સાચવવાનો પ્રશ્ન હતો, ધર્મ કે સંસ્કૃતિનો નહિ. સમય સમય બળવાન છે. ત્યારના સમયમાં ધર્મસત્તા રાજસત્તા જેટલી જ બળવાન ગણાતી. તેમાં પણ રાજા જો તે ધર્મનો આશ્રિત હોય તો તો રાજસત્તા માથે પણ ધર્મસત્તાનો અંકુશ રહેતો, એટલે જ શ્રદ્ધાળું લોકોની શ્રદ્ધાનો દુરુપયોગ કરવાનો અવસર મળતો. હિંસા, દેવદાસી જેવા કુરિવાજોને ધર્મનો દરજ્જો રાજસત્તાની ઉપર ધર્મસત્તાનાં અંકુશને કારણે જ મળેલો. ધર્મસત્તા પરમસત્તાથી ડરતી ન હતી તેથી અધર્મને ધર્મ ઠેરાવીને પ્રજાનું શોષણ કરતા. અસ્તુ...

ગામના આગેવાનો જ્યારે કરશનજીને કંઠી કઢાવવામાં કામિયાબ ન થયા ત્યારે સ્વયં ગુસાંઈજી મેદાનમાં આવ્યા. જેમનું વચન રાજના હુકમ જેટલું વજનદાર ગણાતું એવા ગુસાંઈજીનું ફરમાન થયુંઃ કરશનજીને હાજર કરો. આગેવાન અનુયાયીઓએ કંદોઈને ત્યાં સંદેશવાહક થઈને જવાની સેવા કરી. કરશનજી ગોસાંઈજીની આજ્ઞાનો મર્મ સમજી ગયેલા. તેણે ''स्वधर्मे निधनं श्रेयः '' ગીતાજીનો મંત્ર ગણગણવાનું શરૂ કર્યુંઃ મરી જઈશ પણ કંઠી તો નહિ છૂટે નહિ જ છૂટે. આમ ગાંઠ મારીને ગોસાંઈજી સમક્ષ હાજર થયેલા કરશનજીનું આજે કોઈ વિશિષ્ટ વ્યક્તિના રૂપમાં સન્માન થયું. પ્રસાદ, પાન, આસન વગેરે ઔપચારિકતા થઈ. સૌ સાથે બેઠા. જાણે કંઈ જ ના થયું હોય ને હુંફાળો પરિવાર મળ્યો હોય તેવું હેત દેખાડીને કરશનજીને કંઠી કઢાવવાની ચાલ હતી, પણ કરશનજી કંઈ ગાજ્યા જાય તેમ ન હતા. તે એક કુશળ વેપારી પણ હતા છતાં તેણે મૌન રહીને આ તમાસો જોયા કરવાનું જ વધુ ઉચિત માન્યું.



કરશનજી તરફથી કોઈ જ પ્રતિભાવ ન મળતા ગુંગળાઈને ગુંસાઈજીએ મૌન તોડ્યું. કરશનજી ગીતાજીના કેટલા પાઠ કર્યા આપણે ? આપણે ગીતાજીને સાક્ષાત શ્રીકૃષ્ણની પરાવાણી

માનીએ છીએ. ગીતાજીનો આદેશ છે ''**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज**'' બધા જ ધર્મોનો ત્યાગ કરીને એક મારા જ શરણે આવી જા.'' તો તમે તે વાતનો અમલ કરો. નવા ધર્મને છોડીને આપણા કુળધર્મને સ્વીકાર કરો. એવી અમારી આજ્ઞા છે.

કરશનજીએ કહ્યું : ''માથા સાટે માલ'' ''પેલું માથું પાસંગમાં મેલ્યું ને પછી વરવાનું બીડી ઝીલ્યું.'' હું તો મરતા સુધી આ કંઠીનો ત્યાગ કરવા તૈયાર નથી. જ્યાં ધર્મ હોય ત્યાં જ ભગવાનનો વાસ હોય છે. મેં માત્રને માત્ર મારા જ શ્રેયનો માર્ગ અપનાવ્યો છે. આ નવાપંથના અનુયાયી બનતા પહેલાં હું જે કરતો હતો, માનતો હતો તે મારી અંધશ્રદ્ધા હતી ને આજે જે માનું છું કરું છું તે મારી શ્રદ્ધા છે. શ્રદ્ધાને કોઈ પુરાવાની જરૂર નથી હોતી ને અંધશ્રદ્ધાને પણ. પુરાવા તો માત્ર બુદ્ધિ જ માંગે છે. રહી વાત ગીતાજીના વચનની, તો હું તો એમ જ સમજું છું કે મેં પરંપરાગત ચાલ્યા આવતા નામમાત્રના ધર્મનો ત્યાગ કર્યો છે ને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની શરણાગતિ પણ લીધી છે, માટે ભગવદ્ વચનના અનાદરનો પ્રશ્ન જ નથી, ને જો હોય તો મારા માટે નથી કદાચ આપના માટે હોય શકે.



કરશનજી કંદોઈની આ હિંમતથી ગુસાંઈજીનો ગુસ્સો આસમાને ચડી ગયો. તેમણે સેવકોને આજ્ઞા કરીને એકલા નિઃસહાય -અતિથિની જેમ આંગણે આવેલા કરશનજીને પકડીને એક રૂમમાં પુરી દીધા. પુરતાં પુરતાં કહ્યું કે, જ્યારે ડા'પણ નીતરી જાય અને કંઠી કાઢવાનું સ્વીકાર થાય ત્યારે દરવાજો ખટખટાવજો. અન્યથા આજથી આ જ તમારો આવાસ છે. આમ કહીને ગુસાંઈજી પોતાનાં બીજાં કામમાં લાગી ગયા.

તેમણે કરશનજીના ઘેર પણ આ સમાચાર મોકલ્યા. જેથી પારિવારિક દબાણ ઊભું થાય ને પોતાનું ધાર્યું કામ પૂર્ણ થાય. પણ કંદોઈનો સમગ્ર પરિવાર સત્સંગના અભંગ રંગે રંગાય ગયેલો હતો. તેના પરિવારને તો ગર્વ થયો કે ભગવાનની શરણાગતિ માટે અમારા વડીલ નજરકેદ થયા. અમારાં કેવાં ભાગ્ય છે કે અમને આવા ભગવદ્ ભક્ત મળ્યા છે. પરિવાર તો કેંફમાં હતો પણ સત્સંગીઓ ચિંતામાં હતા. એવામાં ત્યાં મીઠાઈ લેવા લવજી મહારાજ આવ્યા. તે સત્સંગી હતા ને રાજના કારભારી પણ ખરા. સૌએ સાથે મળીને લવજી મહારાજને વાત કરી કે, આવી રીતે કારણ વિના કરશનજી કંદોઈને કારાવાસની જેમ ગોસાંઈજીએ ગોંધી રાખ્યા છે.

લવજી મહારાજ ત્યાંથી સિધા જ હવેલીએ પહોંચ્યા. ઔપચારિક પ્રણામ કરીને પ્રશ્ન કર્યોઃ તમે કરશનજી કંદોઈને કારાવાસની જેમ ગોંધી રાખ્યો છે, તે ક્યા રાજાની આજ્ઞા છે ? તેનો ગુનો શું છે ? તેણે કોઈ રાજગુનો કર્યો છે ? ધર્મ ગુનો કર્યો છે ? તમે તેને બંધી કેમ બનાવ્યો છે ?

વિપ્ર લવજી મહારાજના ધારદાર પ્રશ્નોના જવાબ ગુસાંઈજી પાસે હતા જ નહિ, તેથી તે ચૂપ રહ્યા. તેને મૌન જોઈને લવજી મહારાજ એક અધિકારીની છટાથી જે ઓરડીમાં કંદોઈ કરશનજી હતા ત્યાં પહોંચ્યા અને રૂમ ખોલીને તેને લઈને ચાલતા જ થઈ ગયા. રસ્તામાં વાતો કરતા કહ્યુંઃ અમે તમારી સાથે છીએ, જરા પણ ચિંતા ન કરતા. હરિ ભજતા હજી કોઈની લાજ, જતા જાણી નથી.'' પણ આ તો આપણી કસોટીના દિવસો કહેવાય. તમે તેમાં

પાસ થયા છો. ધન્ય છે તમારી નિષ્ઠાની દ્રઢતાને.

લવજી મહારાજે એક બંધન છોડાવ્યું તો ગુસાંઈજીએ બીજું બંધન કર્યું. કરશનજીનું ખાનદાન આખું વૈષ્ણવ, હવેલીમાં માનતું હતું. તેમને આદેશ કર્યો કે, કોઈએ કરશન કંદોઈ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન રાખવો. જ્ઞાતિજનોએ તેમના વચનને માથે ચડાવ્યું. હવે કરશનજી 'મેલા મેં અકેલા' થઈ ગયા. પણ છતાં ગુસાંઈજીને સંતોષ ન થયો. તેમણે જ્ઞાતિ અને ગામના આગેવાનો પર દબાણ કર્યું. કરશનજી પર ધર્મદ્રોહીનો આરોપ લગાવીને તેને ત્યાંથી કોઈએ મીઠાઈ ન ખરીદવાનો નિયમ કરાવ્યો. જ્યાં મધપુડામાં માખીઓની જેમ માણસો આવતા ત્યાં હવે માત્ર માંખીઓ જ આવે છે. કરશનજીએ આ દ્રશ્ય જીવનમાં પ્રથમવાર જ જોયું હતું, પણ તેને તેનો કોઈ આધાત ન લાગ્યો. તેણે વિચાર કર્યો : શ્રીહરિએ મને ફ્રિ કરી દીધો. લાવ, ગઢપુર દર્શન કરી આવું.

કરશનજી ગઢપુર આવ્યા. દર્શન કર્યાં. કથા વાર્તામાં બેઠા, ઉતારો લીધો અને છેલ્લે પ્રસાદ પણ લીધો. પછી પાછા આરામ નહિ કરતા સંત સંગતિની આશાએ ધર્મશાળા તરફ આવ્યા, ત્યાં તો શ્રી યોગીરાજ ગોપાળાનંદ સ્વામીનાં દર્શન થયા. સ્વામીએ સહજતાથી પુછી લીધું, ભક્તરાજ ! અચાનક સમય કાઢીને આવવાનું ખાસ પ્રયોજન તો નથી ને ? કરશનજી કહેઃ સ્વામી ! મારી આવી સ્થિતિ થઈ છે. જ્ઞાતિએ બહિષ્કાર કર્યો છે એટલે મને વિચાર આવ્યો, સમય છે તો ઉપયોગ કરી લઉ. એટલે આવ્યો છું. સ્વામી ક્ષણવાર આંખો બંધ કરી ગયા. ને અંતરમાં જે અવાજ સંભળાયો તે બોલ્યાઃ કોઈ ચિંતા ન કરતા. તે સૌ સામે ચાલીને તમને બોલાવશે.કરશનજી શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રતાપને જાણતા હતા. તેનું મન તો નિશ્ચિંત જ હતું અને વળી સ્વામીના આશિષ મળ્યા. પછી તો જોવાનું જ ન હોય ને...થોડા દિવસ ત્યાં રહીને દેવ -દર્શન, કથા વાર્તા અને સંત સમાગમનો લાભ લઈને પાછા કુંડલા આવ્યા. ને બે -ચાર દિવસો થયા હશે ત્યાં એમની જ જ્ઞાતિના એક નગર શેઠને ત્યાં શુભ પ્રસંગ આવ્યો. બહાર ગામથી કંદોઈ આવ્યા. રસોઈ તૈયાર થવા લાગી. મેસુબ બનાવવાનો વારો આવ્યો. ચાર ઘાણ કર્યા પણ સુખડી જેવો થયો. શેઠ ચિંતામાં મૂકાયા ત્યારે કોઈએ કહ્યું કે, ''આ તો કરશન કંદોયાનું કામ , પણ તેને તો જ્ઞાતિ બહાર મૂકવામાં આવ્યા છે.શેઠે કહ્યું : ભાઈ, આપણે તો આપણાં કામ સાથે નીસબત છે. ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદ શેઠને કરશન કંદોઈની ઘેર લઈ આવ્યા. શેઠે વાત કરી કે, મારે મેસુબ બનાવવો છે. જી શેઠ, પણ હું તો જ્ઞાતિ બહિષ્કૃત છું. જો હું આવીશ તો આપનો પ્રસંગ બગડશે. શેઠ કહેઃ તમે આવો, હું જોવ છું કે કોણ તમારું નામ લે છે ? તમ તમારે ખુશીથી આવો. કરશનજી અને શેઠ ઘેર આવ્યા. રસોઈ શરૂ કરી, ત્યાં સુધી શેઠ ચિંતામાં હતા પણ પેલા ઘાણમાં કરશનજીનો કરિશ્મા જોઈને ખુશ થઈ ગયા. સમગ્ર જ્ઞાતિજનો માટે મેસુબ કરશનજીએ એકલા હાથે જ બનાવી દીધો.



જ્ઞાતિજનોની પંક્તિ થઈ. સારથિયા પીરસવા લાગ્યા. ત્યારે શેઠે કરશનજીનો બોલાવીને કહ્યું કે, મેસુબ તમે જાતે પીરસો, હું ત્યાં જ ઉભો છું. કરશનજી કંદોઈ મેસુબ લઈને પંક્તિમાં આવ્યા ત્યાં તો

(અનુ.પાન ૧૯ પર)

# જાગો નૌજવાન

**લેખક : પૂ. સ્વામી શ્રી પ્રિયદાર્શનદાસજી - કલાકુંજ, સુરત**
ગુરુવર્ય પ.પૂ.સદ્.શા.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી (મુખ્ય કોઠારીશ્રી - વડતાલ)

ગુજરાત સરકારે સમગ્ર ગુજરાતમાં ગુટકા પર પ્રતિબંધ મુકી યુવા પેઢીને આવા ગુટકાના વ્સનોથી બચાવવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. પરંતુ માત્ર ગુટકા જ નહિં પણ તમાકુમાંથી બનતી વસ્તુઓ ખવાતી અને પીવાતી બંધ થશે તથા દારૂ, માંસના વ્યસનો જ્યારે બંધ થશે ત્યારે જ યુવા પેડી ઉગરશે. ભગવાન સ્વામિનારાયણ પોતાના આશ્રિતને વ્યસન ન કરવાની આજ્ઞા શિક્ષાપત્રીમાં કરી છે. તેથી સ્વામિનારાયણ ભગવાનના ભક્તો વ્સનોથી બચા રહે છે. માટે હે નૌજવાનો જાગો અને બરબાદ થતાં નવયુવાનોને જગાડો.



વ્યસન એ સુખ નથી પણ સુખની કેવળ ભ્રાંતિ છે. સદ્‌ગુણો વધતાં હજુ વાર લાગે છે પણ વ્યસનો અને દુર્ગુણો તો અલ્પકાળમાં ગાંડા બાવળની જેમ વધતા રહે છે. વ્યસનથી શરીરનું સ્વાસ્થ્ય બગડે છે. અપમાન અને તિરસ્કાર થાય છે. વ્સનીને કોઈ ઉછીના પૈસાય આપતું નથી. વ્યસન કરીને પોતે પોતાના પુત્રોને સારા બે શબ્દો કહેવાનો અધિકાર પણ ગુમાવી બેસે છે. વ્યસનો તો ડાકણની જેમ વળગે છે. લોહી ચૂસે છે. ધનની બરબાદી કરે છે. ત્રણ અક્ષરનો તમાકુ ત્રાસવાદની જેમ સમાજની કેટલીક બહેનોને નાની ઉંમરમાં વિધવા કરે છે. કોઈ મરણ અને વ્યસન બેમાંથી પસંદ કરવાનું કહે તો મરણને પસંદ કરવું કારણ કે તે એકવાર મારે પણ તમાકુના વ્યસન તો રીબાવી રીબાવીને મારે છે. વ્યસનો સુવાળા સર્પ જેવા છે. ડંખ મારીને માનવીનું જીવન હરી લે છે. શરૂઆતમાં તે રૂપાળા લાગે પણ તે શરીરના નૂર હરી લે છે. દુનિયાના કરોડો - અબજો માણસો પર વ્યસનોની કરવત ફરી રહી છે. પહેલા માણસ ટેવ પાડે છે. પછી ટેવ માણસને પાડે છે. માત્ર ટેવ પડતી નથી, પણ પછાડે છે એ પછડાટ એવો જોરદાર છે કે માણસ સાવ બેહાલ થઈ જાય છે. માણસ એટલે ટેવનો ભારો. જેના વિના રહેવાય નહિ તેને વ્યસન કહેવાય. જે વ્યક્તિના જીવનમાં વ્યસન આવ્યું તેને સમજી લેવું જોઈએ કે તેના જીવનમાં પાનખર ઋતુની શરૂઆત થઈ ગઈ. વ્યસન તો રૂપિયા ખર્ચીને રોગો ખરીદવાનો ધંધો છે. વ્યસનો છોડાય તો વગર નિમંત્રણે આવતી બિમારીઓથી બચી શકાય. કોઈની સામે હાથ લાંબો કરવાની જરૂર ન રહે. હંમેશા જીવનમાં સારી ટેવ પાડવી. કુટેવો તો ઘાસની જેમ ઉગ્યા કરતી હોય છે. ધુમ્રપાન એ ધીમો આત્મઘાત છે. એક સિગારેટ જીવનની અગીયાર મીનીટ ઘટાડે છે. ધુમ્રપાન કરીને તેના જોખમોનું પોટલું માથે ઉપાડી પછી તેનો ભાર ઓછો કરવા ફાંફા મારવા કરતાં તે જોખમનું પોટલું માટે ન ઉપાડવામાં જ શાણપણ છે.

વ્યસન મિત્ર સ્વરૂપે આપણા શરીરમાં દાખલ થયા છે અને શત્રુ બનીને આપણને મારી નાંખે છે.

માણેકચંદ ખાઈ ખાઈને લોકો મોટી સંખ્યામાં ફકીરચંદ થઈ ગયા તેવું જોવા મળે છે. નાનું સરખું વ્યસન પણ ઘણાં દુઃખનું કારણ બને છે. મનુસ્મૃતિમાં મદ્યપાન - જુગાર - સ્ત્રીલંપટતા અને મૃગયા એ મહાવ્યસનો કહ્યાં છે. કઠોરવાણી તથા ધનના દુરુપયોગને પણ વ્યસનમાં ઉલેખ્યા છે.

રાજાઓ કે સત્તાધીશોમાં મૃગ્યાં, મદ્યપાન, જુગાર અને અતિ વિષયાસક્તિ એ ચાર વ્યસનો જોવામાં આવે છે. યાદવો પ્રભાસપાટણ ગયા ત્યાં સુરાપાનના નશામાં એ પરસ્પર બાખડ્યા ને યાદવ કુળનો નાશ થયો. પૃથ્વીરાજનો નાશ વિષયાસક્તિમાં થયો. વ્યસનોનો માનવી જ્યાંથી ગુલામ થયો એટલે એની સંપત્તિ અને શક્તિ ઉપર વ્યસનો માલિક બની જાય છે. તમાકુ-બીડી, છીંકણી, પાનમસાલા, સિગારેટ, ગુટકા વગેરેને સમાજ નિભાવતો રહ્યો છે. તમાકુવાળુ પાન ખાવાથી શરીરને નુકશાન થાય છે જે આગળ જતાં મોઢાનાં કેન્સર માટે જવાબદાર થાય છે અને તેથી જ તમાકુ ખાવાનું ટાળવું જોઈએ.

ભારતમાં બાવન કરોડ કિલોગ્રામ તમાકુ ઉત્પન્ન થાય છે. આ બધી તમાકુ માણસો ખાય છે. ઢોર ખાતા નથી અને ગધેડા પણ ખાતા નથી. ભારણમાં દર વર્ષે સાત લાખ લોકો તમાકુના સેવનથી મૃત્યુ પામે છે. તમાકુ કેન્સરથી વ્યાધિ ને ઉપાધિ છે. સ્મશાને પહોંચાડતો સૌથી ટૂંકો અને ઝડપી રસ્તો એટલે માવા ખાવા, વિમલ, માણેકચંદ, તુલસી, ઝટપટ, તમાકુ ચોળીને ખાવી, ધુમ્રપાન કરવું તે છે. જુગાર પણ બુરુ વ્યસન છે. અનેકનું સત્યાનાશ વાળી દીધું છે. જુગારથી યુધિષ્ઠિર તથા નળરાજાને પણ કલંકની કાળી ટીલી બેઠી. ભારત જેવા ગરીબ દેશને ધુમ્રપાન પાછળ બે અબજ રૂપિયાનો ધુમાડો થાય છે. હાઈવે રોડ પર ૧૦૦ની સ્પીડે દોડી આવતી મારૂતી ગાડીની સલામતી ક્યાં સુધી ? જ્યાં સુધી લેલેન ટ્રક ભટકાયો નથી ત્યાં સુધી. તેમ આપણા સારા ને પવિત્ર જીવનની સલામતી ક્યાં સુધી કે જ્યાં સુધી કોઈ પણ વ્યસનો ભટકાયા નથી ત્યાં સુધી. ચા, બીડી ને હોકો, વહેલી પડાવે પોકો, સમજે તેને રોકો ન સમજે તેને ટોકો. બીડી સિગારેટની જાહેરાતમાં તે આરોગ્ય માટે હાનિકારક છે. તમાકુ ખાવાથી કેન્સર થાય છે. એમ ફરજીયાત ચેતવણી આપવામાં આવે છે. છતાં હોંશે હોંશે પીનારાઓ ચેતતા નથી. દેશનું યૌવન ધન ગુટકાને પનારે પડ્યું હતું. ગલ્લે ગલ્લે કેન્સરના પડીકાં વેચાતા હતા. ગુટકા ખાનારાને મોઢું ખોલવાની તકલીફ પડે છે. કેન્સરની જાસા ચીઠ્ઠી મળે તોય લોકો ગુટકા ખાધે રાખતા. ગુટકા સાયલન્ટ કિલર છે. તે ધુમ્રપાન કરતાંય વધારે ખતરનાક છે. આ દેશમાં એક કરોડ ઉપરાંત લોકો ગુટકા ખાય છે પણ તેમાંથી ગુજરાત ચેત્યુ છે અને પ્રશંસનિય નિર્ણય લીધો છે. ગુટકાની તલપ નિર્દય છે. જડબા જુદાં પડી જાય અને વ્યસન ખૂટે પણ ગુટકા ન છૂટે. શહેરોમાં અને ગામડે યુવાન તથા બાળકોમાં ગુટકાનો પ્રભાવ પથરાયો હતો. જાહેર અખબારોમાં રૂપાળી સ્ત્રીઓના ફોટાઓ આપીનો ભોળાભલા નાયરિકોને કહેવામાં આવે છે કે અન્ય કોઈ કંપની કરતાં અમારુ ઝેર વધારે મઝેદાર હોય છે. કોઈ પણ દુકાને ગુટકાના પાનીયા ટીંકાતાં એ તો જાણે જમપુરીના લાયસન્સ જેવા હતા. અકાળે માનવીના મૃત્યુ માટેનું એક મહત્વનું કારણ તમાકુનું સેવન છે. તમાકુના સેવનથી મૃત્યુ પામતાં લોકોએ તમાકુનું સેવન ન કર્યું હોત તો તેઓ હજી બીજા ૧૫ વર્ષ જીવી શક્ય હોત એમ આ મરનારાઓના રીપોર્ટમાં



(અનુ.પાન ૨૧ પર)

# શિક્ષાપત્રી

## A Management Mannual

લેખક : ડો. સુરેશ પટેલ

આ વખતે હવે આપણે એક એવી આજ્ઞા જોઈશું જે આપણને એવું વિચારવા પ્રેરશે કે કેન્દ્રિય આરોગ્ય પ્રધાન શું સત્સંગી છે ?

શિક્ષાપત્રી શ્લોક ક્રમાંક - ૧૮

**व्यामिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः ।**

**द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ॥१८॥**

ભારત સરકાર દ્વારા અત્યારે જે જાહરાતો - નિમયો - પ્રતિબંધોની ઘષણા થઈ રહી છે અ ને આની પાછળ જે ઉમદા વિચારક છે તે ભાઈ જાણે આ આજ્ઞાનું અક્ષરશઃ પાલન સમગ્ર દેશમાં થાય તેવી કોશિશ કરી રહ્યા છે ! (અગાઉ આપણા પહેલા ગૃહપ્રધાન અનો લોકલાડીલા નેતા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે એવું કહેલું કે, દેશના નાગરિકો જો શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે વર્તે તો એવું 'વ્યવસ્થાપના' ગોઠવાય કે દેશમાં પોલી રાખવાની જરૂરજ નપડે.)



શિક્ષાપત્રીના આ શ્લોકમાં ત્રણ આજ્ઞાઓનો સમાવેશ થયો છે :

(૧) વ્યાભિચારથી દૂર રહેવું.

(૨) જુગટું આદિક વ્યસનોનો ત્યાગ કરવો.

(૩) કેફી વસ્તુઓ ખાવી કે પીવી નહિ.

આ ત્રણ પૈકીની પ્રથમ આજ્ઞા જોઈએ તો અત્યારે જાહેરમાં એક અભિયાન ચાલી રહ્યું છે તેને સ્વર સમજાશે.

'લગ્ન બહારના સંબંધો રોકો.. ન આપો એઈડ્સને મોકો'

અહીં સમજવાનું એ છે કે શારીરિક સંસર્ગ એ જ 'વ્યાભિચાર' નથી. શારીરિક સંસર્ગ ન થાય તો કદાચ રોગથી બચાય પરંતુ મનથી અને લાગણીઓથી જે આંતરિક જગતમાં સંસર્ગદોષ લાગે છે એ તો એઈડ્સથી પણ વધુ વધુ ખતરનાક છે. આજે ઈન્ટરનેટના માધ્યમથી પોર્નોગ્રાફિક મટીરીયલનો પ્રસાર, ટીવીના માધ્યમથી નગ્નતાનો પ્રચાર અને પ્રિન્ટમીડીયાના માધ્યમથી પ્રચાર - પ્રસાર બંને જે રીતે થઈ રહ્યા છે, તે મનના રોગોને નોતરવાનું જ કામ છે. લગ્નજીવનના સંબંધો થકી 'સંતાન' પ્રાપ્ત થાય છે, જે પ્રાકૃતિક છે. મનોમય જગતના વ્યાભિચારથી 'સંતાપ' પ્રાપ્ત થાય છે - જે વિકૃતિ છે. હતાશા - ડિપ્રેશન - આત્મહત્યા - ગૃહકંકાસ - હિંસા - અત્યાચાર આ સઘળું માનસિક અને ભાવનાત્મક વ્યાભિચારની નીપજ છે. આથી આ વ્યાભિચાર વૃત્તિનો સંપૂર્ણ ત્યાગ રાખવાની સ્પષ્ટ આજ્ઞા છે. તમામ સત્સંગીઓ પોતાના આસપાસના સંબંધીઓ - પાડોશીઓ સૌને આ વાત સમજાવવાનું ભગીરથ કાર્ય જો નહીં ઉપાડે તો આપણાં સંતાનોનું ભાવિ જોખમમાં

છે. જો આ ચેતવણી ગંભીર ન લાગતી હોય તો પશ્ચિમ જગતના સમાચારો વાંચી લો !

ત્યાંથી 'વંઠી ગયેલી વેજા'ને સરખી કરવા કે સીધે રસ્તે ચડાવવા વિવિધ પ્રકારની શિબિરો ભારતીય સાધુ - સંતો - ગુરુઓ - શિક્ષકો દ્વારા યોજાઈ રહ્યાં છે. પ્રતિવર્ષ વધારો જ થતો જાય છે.

બીજી આજ્ઞા છે, જુગટું 'આદિક' વ્યસનોનો ત્યાગ કરવો. અહીં મઝાની વસ્તુ એ છે કે મહારાજે 'દૂર રહેવાનું' કહેવાને બદલે 'છોડવા'નું કહ્યું છે. અર્થાત્ 'આદિક' શબ્દના પ્રયોગ મુજબ હર એકને કોઈક ને કોઈક તો વ્યસન હોય જ છે, ચાલો ! તપાસી લઈએ. (૧) સવારમાં ઉઠતાંની સાથે છાપું અવશ્ય જોઈએ જ ? (૨) 'ચા' પીધા વગર સવાર જ ન પડે તેવું થાય છે ? (૩) અઠવાડિયે એકાદવાર તો રેસ્ટોરન્ટનું જમવા જવું જ પડે તેવું ઘરમાં આગ્રહભર્યું કોમ્યુનિકેશન થાય છે ? (૪) એકતા કપૂરની એકાદ સિરીયલ વગર તો ન જ ચાલે, એકાદ હપ્તો ચૂકી જવાય તો મૂડ આઉટ થઈ જાય એવું બને છે ? (૫) લોકોનો (પરિવારના તો સૌ પ્રથમ) વાંક કાઢીવાની પ્રવૃત્તિ થઈ જાય છે ? (૬) ટીંડોરાનું શાક થાળીમાં જોતાં જ ગુસ્સો આવે છે ? (૭) રસગુલ્લા જેવી મીઠાઈ ખાધા વિના કેવી રીતે ચાલે ? (૮) મીર્ચી ભજીયા તો ભાસ્કરભાઈનાં જ ખાવા પડે ને ? આવા વિચારો આવે છે ?

આમાંનું કંઈ પણ થતું હોય તો જુઓ કે એ સામાન્ય ટેવ કે વ્યસન છે ? ગુલામની મનોદશા ઉભી કરનારી તમામ મટેવો એ પણ વ્યસન જ છે. અમારાં એક સંબંધી બહેન છે તેઓ ચા નથી પીતાં, કોફી પણ નથી પીતાં પરંતુ એની પુત્રવધુનું લોહી પીવે છે (સતત મહેણાંટોણાં - કટકટ કરીને) અને કહે છે કે, એમને કોઈ વ્યસન નથી !!!

યોગ - પ્રાણાયામ આમ તો સ્વાર્થ્યવર્ધક છે પરંતુ અમારા એક પરિચિત ભાઈને શીર્ષાસનમાં ૩૦ મિનિટ રહેવાનું એવું તો વ્યસન થઈ ગયું છે કે કોઈ કાળે જો એ સવારે શીર્ષાસન ન કરે તો આખો દિવસ એમનો મૂડ ખરાબ જ હોય. જો કે એમનો દાવો એવો છે કે એમને કોઈ વ્યસન નથી !

કોઈની નિંદા કરવી, કુથલી કરવી, સતત ને સતત અન્ય વ્યક્તિઓના દોષો જ શોધ્યા કરવા, અકારણ કલહ કરવો આ બધાં અત્યંત ખરાબ વ્યસનો છે, જેને છોડવાની આજ્ઞા છે. 'આદિક' અને 'ત્યાગ'એ બે શબ્દ પ્રયોગો અમસ્તા ન થી.

ત્રીજી આજ્ઞા છે, કોઈપણ કેફી વસ્તુઓ ખાવી કે પીવી નહીં. કેફી વસ્તુઓથી કેફ ચડે એટલે મગજના તંતુઓ ઢીલાં થાય. કામ ચલાઉ હળવાશ લાગે પણ કેફ એ બેહોશી તરફ લઈ જતાં પગથિયા પૈકીનું પહેલું પગથિયું છે. માનવ સ્વભાવની ખાસિયત દુનિયાના તમામ દેશોમાં જોવા મળી છે કે સાવ નાનું બાળક પણ જો સીડી જુઓ તો એના પગથિયાં ચડવામાં પ્રવૃત્ત થઈ જાય છે. ઉતરતાં ન આવડતું હોય તોય ઘણીવાર સીડીની ટોચે પહોંચી જાય છે. અર્થાત્ પહેલું પગથિયું કેફનું ચડીએ તો પછી નશો અને પછી નશાની ટેવ, પછી નશો કરવાનું વ્યસન અને પછી છેવટે બહેશી અને અંતિમ પરિણામ બદરબાદી. એમ તમામ પગથિયાઓ ક્રમશઃ ચડાઈ જ જાય! જો આ નિવારવું હોય તો પ્રથમ પગથિયાથી જ દૂર રહેવાનું છે. વધુમાં આજ્ઞા સ્પષ્ટ છે, કેફી વસ્તુ ખાવી કે પીવી નહીં. ગામડાંમાં ઘણા વૃદ્ધ સ્ત્રી - પુરૂષોને મેં દાંતે બજર (એક જાતની તમાકુનો



(અનુ.પાન ૧૯ પર)

ગુરુ પૂર્ણિમા નિમિત્તે શ્રી હરિકૃષ્ણ મહારાજના દર્શન તથા પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના પૂજન - આશીર્વચનનો હરિભક્તોએ લાભ મેળવ્યો હતો.








શિકાગો (યુ.એસ.એ.)માં આયોજીત શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિરમાં પધારેલા પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ








શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ ખાતે દેવશયની એકાદશી નિમિત્તે પૂજ્ય સંતો તથા પાર્ષદો દ્વારા શ્રી સ્વામિનારાયણ મંત્ર ધુનનું આયોજન કરાયું હતું.





**શ્રી સ્વામિનારાયણ મંદિર ડલાસમાં યોજાયેલ પાટોત્સવામાં પધારેલા**
**પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ**





**શ્રી સ્વામિનારાયણ મંદિર ઓસ્ટીનમાં યોજાયેલ પાટોત્સવામાં પધારેલા**
**પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ**





**શિક્ષાપત્રી... (પાન ૧૭ નું ચાલુ)**

પાવડર) ઘસતાં જોયાં છે. તેઓના મત મુજબ તેઓ કશુંય કેફી સેવતાં નથી. ઘણાં છીંકણી સુંઘતા હોય છે, જે એક પ્રકારની ખાવા-પીવા જેવી જ ક્રિયા છે. કેફી પદાર્થ અન્નનળીથી શરીરમાં પ્રવેશે કે શ્વાસનળીથી, સરવાળે અસર તો સરખી જ કરે છે.

અગાઉના શ્લોકોના વિવરણમાં જોઈ ગયા છીએ તે મુજબ ધર્મ કે આધ્યાત્મ, મૂળ તો 'બેહોશી'માંથી 'હોશ'માં આવવાની વૃત્તિ-પ્રવૃત્તિ જ છે. તો સત્સંગીઓથી તો કોઈપણ પ્રકારની બેહોશી તરફ લઈ જતી પ્રવૃત્તિ તો થાય જ શેની ? આખા દેશમાં દારૂબંધીનું નેતૃત્ત્વ હંમેશા ગુજરાત રાજ્ય દ્વારા થતું આવ્યું છે. જેના પરિણામે અન્ય રાજ્યોના પ્રમાણમાં ગુજરાતમાં સૌથી વિશેષ સુખશાંતિ પ્રવર્તે છે. આપણા મનોરાજ્યમાં પણ સુખ-શાંતિનું સાતત્ય રહે તે માટે હંમેશા વ્યાભિચાર - વ્યસન - કેફી દ્રવ્યોથી દૂર રહીએ અને અન્યને પ્રેરીએ એવી સૌને શુભેચ્છાઓ.

**કરશન કંદોઈ... (પાન ૧૩ નું ચાલુ)**

સૌ ચકળવકળ એક બીજાની સામું જોવા લાગ્યા. આગેવાનો શેઠની નજર સામે નજર પણ ના કરી શક્યા. બે આંખની શેહ -શરમ આડી આવી, પણ શેઠ આ જ ખુશ હતા તેણે પંક્તિની ગુફતેગું જોઈને કહ્યું: સાંભળો, આ કરશન મારો ભાઈ છે. જે કરશન સાથે વ્યવહાર નહિ રાખે તેની સાથે હું પણ વ્યવહાર નહિ જ રાખું. સૌને કરશનજી પ્રત્યે સદ્ભાવ તો હતો જ અને વળી જેને ધંધાકીય દ્વેષભાવ હશે તેને પણ તેના મેસુબ પ્રત્યે તો ભાવ હતો જ. ઘણા સમયથી તેનો મેસુબ ચાખ્યો નથી, આવવા દો ભગત. આજે તો શેઠ ઢાલ બન્યા છે.

જે થાય તે શેઠને માથે. સૌ પ્રેમથી જમ્યા એક બીજાને મળ્યા ને કરશનજીની દુકાન પૂર્વવત્ ચાલવા લાગી. આજ ગોપાળાનંદ સ્વામીએ આપેલું વચન સત્ય ઠર્યું. આપણે આવા નિષ્ઠાવાન ભક્તોનાં ચરિત્રો ગાશું, સાંભળીશું અને વાંચીશું. તો પણ આપણું પરમશ્રેય થશે, થશે ને થશે.

ભરપૂર હતા તેમજ અન્ય કુલક્ષણેયુક્ત પણ હતા તેઓ પણ સંતોના સમાગમના કારણે વ્યસન રહિત બની જઈ મહાપ્રભુ શ્રીહરિજીના ભક્તિના રંગે રંગાઈ જઈ સદ્‌ગુણો વધારી રહ્યા છે.

કંડારી ગુરુકુળના સંસ્થાપક એવા મારા ગુરૂશ્રી કે જેઓએ દેશ-વિદેશમાં અનેકાનેક લોકોને નિર્વ્યસની બનાવી શ્રીજી મહારાજનો નિશ્ચય કરાવી મુક્તિના માર્ગે ચઢાવી ભક્તિના રંગે રંગી દીધા છે, તે મેં નજરે જોયેલ છે.આમ અનેક સંતો દેશ-વિદેશમાં જઈને મુમુક્ષુઓના જીવનને નિર્વ્યસની બનાવી ભક્તિની ભાગીરથીમાં સ્નાન કરાવી રહ્યા છે.

વર્તમાન સમયમાં બે વર્ષથી અમેરિકા ડલાસ મંદિરમાં મારી સાથે રહેતા મારા નાના ગુરૂભાઈ ત્યાગ સ્વામીએ પણ ઘણા મુમુક્ષુઓને વ્યસનો છોડાવી ભક્તિના રંગે રંગી દીધા છે. તો મારો કહેવાનો ભાવ એ છે કે, સદ્‌ગુણો જાળવી રાખવા માટે, સદ્‌ગુણો લાવવા માટે અને મુક્તિના માર્ગમાં આગળ વધવા માટે સંતોના સમાગમની પરમ આવશ્યકતા છે, માટે મુમુક્ષુ ભક્તોએ અવશ્ય સંત સમાગમ કરવો.

## "સંતોના પ્રકારો !"

જીવનને સમજવાની કળા કદાચ આપણી પાસે થોડી ઘણી હશે, પરંતુ જીવનને પ્રસન્નતાથી ભરપૂર રાખવાની કળા તો મહાન સંતો પાસેથી જ મેળવવી પડે છે. સુખની વાત આવે ત્યારે અન્યથી શરૂઆત કરવી એ માનવતા છે, પણ સદ્‌ગુણોની વાત આવે ત્યાં તો શરૂઆત પોતાનાથી જ કરવાની હોય છે. તેથી તો સૂફી સંત સૂકરાતે પ્રાર્થનામાં કહ્યું છે : "હે પરમાત્મા ! આ જગતમાં તમે સહુને ગુણિયલ કરજો, પણ એની શરૂઆત તો મારાથી જ કરજો." સંદેશો સ્પષ્ટ છે કે, આપણે જીવનનું ઘડતર અત્યારથી જ એવું સરસ બનાવીએ કે પરિવારપ્રિય, લોકપ્રિય, સંતપ્રિય અને પ્રભુપ્રિય તેમજ મૃત્યુ પછી પણ પ્રિય જ બની રહીએ.

જેમ ભાત, ઘઉં, દાળ અને ચોખા વગેરે અનેક પ્રકારના હોય છે, તેમ સંતો પણ અનેક પ્રકારના હોય છે ! અમુક સંતો મરઘી જેવા હોય છે ! કેટલાક સંતો માછલી જેવા હોય છે ! તો કેટલાક સંતો કાચબી જેવા કે કૂંજડી જેવા હોય છે !

મરઘી પોતાનાં ઈંડાં મૂકી એના ઉપર બેસે છે એટલે એના સ્પર્શથી એનું ઈંડું સેવાય છે. એ જ રીતે અમુક સંતો મુમુક્ષુઓનો સ્પર્શ કરી અર્થાત્ માથે હાથ મૂકીને સદ્‌ગુણોરૂપી ઈંડાંઓનું સેવન કરતા હોય છે. અર્થાત્ ભક્તિ વગેરેનું પોષણ કરતા હોય છે. જો એમ ન થતું હોય તો પછી શું કામ મોટા સંતોના હાથ મુમુક્ષુઓ પોતાના માથા પર મૂકાવતા હોય છે ? માટે એ વાત સત્ય છે. પ્રસંગોપાત્ મારી વાત કરૂં તો અસ્થાને નહિ ગણાય.

ઈ.સ. ૧૯૯૫ની સાલમાં ડલાસ સત્સંગમંડળના હરિભક્તોની ઈચ્છાથી મંદિરમાં કથા-વાર્તા અને સેવા કરવા માટે બે વર્ષ અમેરિકા રહેવું એવું જ્યારે મારા ગુરૂશ્રીએ નક્કી કર્યું ત્યારે સંતો સાથે મારે પણ આવવાનું થયું. તે સમયે શ્રીજી નિર્મિત છ ધામનાં દર્શન કરવા ગયા. તે સમયે રાજકોટ ગુરૂકુળમાં પૂજ્ય જોગી સ્વામીનાં દર્શન કર્યાં ત્યારે મેં મારા માથે હાથ મૂકાવ્યો હતો. ડભાણમાં દર્શને ગયા ત્યાં પણ પૂજ્ય હરિચરણ સ્વામી પાસે મેં માથે હાથ મૂકાવ્યો હતો.

વરતાલમાં પણ પૂજ્ય અથાણાવાળા સ્વામી પાસે માથે હાથ મૂકાવ્યો હતો અને કચ્છ માંડવી દર્શને ગયા ત્યાં પણ દયાળું એવા સંતોની માતા સમાન પૂજ્ય ઘનશ્યામ જીવન સ્વામીએ પોતાની ઈચ્છાથી મારા ઉપર તેમજ સાથે આવેલ સંતો ઉપર હાથ મૂક્યા હતા. તો મારો કહેવાનો ભાવે એ છે કે, આપણા સદ્‌ગુણોની વૃદ્ધિ માટે સંતોના હાથ માથા પર મૂકાવતા હોઈએ છીએ અથવા તો મોટા સંતો પોતાની ઈચ્છા અને રાજીપાથી મુમુક્ષુઓના માથા પર હાથ મૂકતા હોય છે.

તો જેના સ્પર્શથી ગુણોની વૃદ્ધિ થાય અને ભક્તિને પોષણ મળે એવા સંતો મરઘી જેવા કહેવાય છે.

અમુક સંતો મુમુક્ષુઓને અથવા પોતાના શિષ્યોને માથા પર હાથ મૂકી સ્પર્શ કરતા નથી હોતા, તો પણ પોતાની સાથે હેતવાળા ભક્તોના સદ્‌ગુણોનું પોષણ દૃષ્ટિ દ્વારા કરતા હોય છે. આવા સંતોને માછલી જેવા કહેવામાં આવે છે. માછલી પોતાનાં ઈંડાંને સ્પર્શ કરીને સેવતી નથી, પરંતુ દૃષ્ટિ દ્વારા સેવતી હોય છે; એ જ રીતે કેટલાક મહાપુરુષો પણ પોતાની કૃપામય દૃષ્ટિથી જ પોતાના શિષ્ય વૃંદના સદ્‌ગુણોરૂપી ઈંડાંઓનું સેવન કરતા હોય છે.

જેમ કે મુમુક્ષુ સંતો અને ભક્તો ભગવાનને રાજી કરવા, સંતોને રાજી કરવા અને સદ્‌ગુણોને પોતાના જીવનમાં વિકસાવવા માટે પુરુષાર્થ કરતા હોય અથવા તો સેવા કરતા હોય આવું નજરે જોઈને મોટા સંતો તેઓ ઉપર કૃપાદૃષ્ટિ કરી અંતરથી આશીર્વાદ આપતા હોય છે અથવા શ્રીજી મહારાજને મુમુક્ષુઓના સદ્‌ગુણો વધે તે માટે પ્રાર્થના કરતા હોય છે; આવા સંતોને માછલીની ઉપમા અપાય છે.

અમુક સંતોને કાચબીની ઉપમા આપવામાં આવે છે. જેમ કાચબી પોતાનાં ઈંડાં મૂકીને રેતીમાં દાટી દે છે પછી તે ભૂલી જાય છે કે, મેં મારાં ઈંડાં ક્યા દાટ્યાં હતાં. પોતાના સંતાન સ્નેહને કારણે પછી તે કાચબી સતત ચિંતા કરતી હોય છે. ચિંતા અને ચિંતનને કારણે રેતીમાં દટાયેલાં ઈંડાં સેવાય છે અને બચ્ચાંઓ બની બહાર આવી જાય છે. – એ જ રીતે સંતો પણ પોતાના સ્નેહી સત્સંગીઓના માથા પર હાથ પણ ન મૂકે, દૃષ્ટિ પણ ન રાખે પરંતુ તેઓ ચિંતન દ્વારા સ્નેહી હરિભક્તોનું હિત ઈચ્છતા હોય છે. ખાસ કરીને પૂજા સમયે એવો શુભ સંકલ્પ કરતા હોય છે કે, હે પ્રભુ ! મારા વિશ્વાસે જે મુમુક્ષુ સંતો અને ભક્તો મોક્ષના માર્ગે ચાલી રહ્યા છે તેઓને મોક્ષમાર્ગમાં ઉન્નતિ કરાવજો. (ક્રમશઃ)

---

જાગો નૌજવાન... (પાન ૧૫ નું ચાલુ)

કહેવામાં આવ્યું છે.

વિશ્વમાં આજે ૧૦ થી ૨૪ વર્ષની વયના ૧.૮ અબજ યુવાનો છે. તમાકુ ઉદ્યોગ આ યુવા વર્ગને જ પોતાનો શિકાર બનાવવા ઈચ્છે છે. કેમકે એકવાર યુવાન તમાકુના રવાડે ચડી જાય તો તે આજીવન તમાકુનો વ્યસની બની જાય છે. આથી વિશ્વના યુવાધન સામે પ્રાણઘાતક તમાકુ એ મોટો પડકાર છે. આથી જ આ પ્રાણ ઘાત તમાકુથી વિશ્વને બચાવવા એક આગવું સૂત્ર આપ્યું છે. ટોબેકો - ફ્રી યુથ એટલે કે તમાકુ મુક્ત યુવાન. તમાકુમાં રહેલું નિકોટીન નામનું ઝેરી દ્રવ્ય યુવાનોને એવો નશો કરાવે છે કે પછી તેઓ જીવનભર તમાકુના વ્યસની બની જાય છે. આ સત્ય જાણી ગયેલી તમાકુના ઉત્પાદનો બનાવતી કંપનીઓ આ માટે જ યુવાનોને પોતાનાં સકંજામાં લેવા યુવાનોને લલચાવનારી જાહેરાતો પાછળ અબજો ડોલર્સ ખર્ચી નાંખે છે. એટલું જ નહિ યુવાનોને ફ્રી સેમ્પલ્સ પકડાવી દઈને તેમને જીવનભર તમાકુના દાસ બનાવી દે છે. બ્રાઉનસુગર, હેરોઈન, દારૂ, ગાંજો, પાન, ગુટખા, તમાકુ ઉપરની ગમે તે વસ્તુનું વ્યસન પડી જાય તે પહેલા જ તેનાથી સમજીને દૂર રહેવું જોઈએ. મા-બાપે પોતાના બાળકો - યુવાનોનું બરાબર ધ્યાન રાખવું જોઈએ. વ્યસનની બરબારી સામે પહેલેથી લાલબત્તી ધરવી જોઈએ. કન્યાઓએ સાવધાન રહેવાની જરૂર છે. ખાસ તો વ્યસની સાથે લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. કદાચ પાછળથી ખબર પડે તો સમજાવીને મૂકવા પ્રયત્ન કરવો જોઈએ. નહિતર નાની જ ઉંમરમાં ચુડી અને ચાંદલો નંદવાવાનો. શાળામાં શિક્ષકો પણ આ માટે ઘણાને વ્યસનમાંથી રોકી શકે ખાવા - પીવા અને પહેરવાનાં ફાંફા પડવા લાગ્યા. કેટલાક કરજનાં બોજ નીચે દબાઈ ગયાં. કેટલાકના ઘરબાર વેચાઈ ગયા તો કેટલાકને તો ડેલીએ દીવો કરનાર પણ ન રહ્યા. માટે દૂર રહો વ્યસનોથી.

# માસિક ભેટ નામાવલી

## (જુલાઈ - ૨૦૧૩)

| | | |
|---|---|---|
| ૧૦૦ | શ્રી ઉપેન્દ્રભાઈ વસંતભાઈ વ્યાસ | આણંદ |
| ૧૦૦ | શ્રી ઉપેન્દ્રભાઈ વસંતભાઈ વ્યાસ | આણંદ |
| ૧૦૦ | શ્રી સોનલબેન રાવજીભાઈ ચૌહાણ | મહાપુરા |
| ૧૧૧ | શ્રી વિજયભાઈ પોપટલાલ દંતાણી | આણંદ |
| ૧૦૧ | શ્રી સચીનકુમાર રમેશભાઈ વોરા | ધોરાજી |
| ૨૦૧ | શ્રી શકુન્તલાબેન ગિરીશભાઈ પટેલ | પંડોળી |
| ૧૦૧ | શ્રી ભાઈલાલભાઈ નારણભાઈ પટેલ | સેંધવા (એમ.પી.) |
| ૧૦૧ | શ્રી કપિલાબેન ભાઈલાલભાઈ પટેલ | સેંધવા (એમ.પી.) |
| ૧૦૧ | શ્રી મિહિર રમેશભાઈ પંચાલ | આણંદ |
| ૧૦૧ | શ્રી કૌશિકકુમાર મનુભાઈ પારેખ | સંજાયા |
| ૧૦૧ | શ્રી દિવ્ય મુકેશભાઈ પારેખ હ.પા.દિનુભગત | કરમસદ |
| ૨૦૦ | શ્રી ઘનશ્યામભાઈ હરેશભાઈ પટેલ | મંડાળા |
| ૨૦૦ | શ્રી સ્મિતલકુમાર રમેશભાઈ પટેલ | મંડાળા |
| ૧૦૧ | શ્રી મિતેશ આર. પટેલ | વણાકબોરી (થર્મલ) |
| ૧૦૦ | શ્રી સ્વ.વસંતબેન સન્મુખલાલ પલસાણાવાળા | સુરત |
| ૨૫૦ | શ્રી વિશાલકુમાર નવિનભાઈ પટેલ | ભીલાડ |
| ૧૦૧ | શ્રી જીનલ વિનોદભાઈ પટેલ | આણંદ |
| ૧૦૦ | શ્રી વિનુભાઈ ભીખાભાઈ ભોઈ | દાગજીપુરા |
| ૨૫૧ | શ્રી તિર્થકુમાર ઠાકોરભાઈ પટેલ | માંજલપુર |
| ૧૦૧ | શ્રી સુનિલકુમાર રણછોડભાઈ ભોઈ | પાડગોલ |
| ૧૧૦ | શ્રી વિજયભાઈ પોપટલાલ દંતાણી | આણંદ |
| ૧૦૦ | શ્રી અર્પિતાબેન મહેશભાઈ પટેલ | પિપળાવ |
| ૧૦૧ | શ્રી મહેન્દ્રભાઈ ફકીરભાઈ કાછીયા | નડિયાદ |
| ૫૦૦ | શ્રી રમણભાઈ કાલીદાસભાઈ પટેલ હ. પ્રવિણભાઈ | કેલોદ |
| ૧૦૧ | શ્રી અ.નિ. મનોરમાબેન હરિકૃષ્ણભાઈ | બુરહાનપુર |
| ૨૦૦૦ | શ્રી જયનારાયણભાઈ રામજીભાઈ પટેલ | ધોળી |
| ૧૦૧ | શ્રી શિખર આશિષ ગાંધી | સુરત |
| ૧૦૧ | શ્રી રૂસલ સરજુભાઈ રેલીયા | સુરત |
| ૧૦૧ | શ્રી અમિષભાઈ પ્રવિણભાઈ રેલીયા | સુરત |
| ૧૦૦ | શ્રી રોશનકુમાર સુનિલભાઈ પટેલ | બાયડ |
| ૧૦૦ | શ્રી નિહાલકુમાર કિંજલભાઈ પટેલ | કરખડી |
| ૧૧૧ | શ્રી વિનોદભાઈ પ્રવિણચંદ્ર મહેતા (ચશ્માવાળા) | નવસારી |
| ૧૦૧ | શ્રી હિતાર્થ દેવેન્દ્રકુમાર હ. છગનભાઈ આટકોટવાળા | સુરત |
| ૧૦૦ | શ્રી સુભાષભાઈ ઝવરભાઈ પટેલ | કેસલું |
| ૧૦૦ | શ્રી શારદાબેન સુભાષભાઈ પટેલ | કેસલું |
| ૧૦૦ | શ્રી ભાવિનકુમાર સુભાષભાઈ પટેલ | કેસલું |
| ૧૦૦ | શ્રી જશવંતભાઈ મગનભાઈ પટેલ | મંજુસર |
| ૧૦૧ | શ્રી જ્યોત્સનાબેન નિતેશભાઈ પટેલ | ગાડા |
| ૧૦૧ | શ્રી સુનિલ નવલકુમાર મોદી | સુરત |
| ૧૦૧ | શ્રી નિતીનભાઈ ગોકળભાઈ ભોઈ | દાગજીપુરા |
| ૧૫૧ | શ્રી દિનેશભાઈ આશાભાઈ પરમાર | બામરોલી |
| ૧૦૦ | શ્રી અક્ષત દિક્ષિતભાઈ પટેલ | ભરૂચ |
| ૧૧૦ | શ્રી મણીલાલ બાબુભાઈ પટેલ | વાગરા |
| ૧૦૦ | શ્રી સુરેશભાઈ છોટાભાઈ પટેલ | ચકલાદ |
| ૧૦૦ | શ્રી ચંદુભાઈ અંબાલાલ પટેલ | ચકલાદ |
| ૧૦૦ | શ્રી અરવિંદભાઈ મંગળભાઈ પટેલ | જોળ |
| ૧૦૧ | શ્રી કમળાબેન કાંતિલાલ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જગદીશભાઈ પટેલ | નડિયાદ |
| ૧૦૦ | શ્રી મનસુખભાઈ જીણાભાઈ મકવાણા | વડોદરા |
| ૧૫૦ | શ્રી લલીતચંદ્ર કે. પટેલ | માંજલપુર |
| ૧૦૧ | શ્રી પ્રવિણાબેન પાઠક | વડોદરા |
| ૧૦૧ | શ્રી દેવાંગ હરિકૃષ્ણભાઈ પંચોલી | વડોદરા |
| ૧૦૧ | શ્રી હરિકૃષ્ણભાઈ પંચોલી | વડોદરા |
| ૧૦૦ | શ્રી ઈન્દીરાબેન બાબુભાઈ પટેલ | વડેચા |
| ૨૦૦ | શ્રી બાલુભાઈ જેસીંગભાઈ પટેલ | વડેચા |
| ૧૦૧ | શ્રી રાજેશ બી. બ્રહ્મભટ્ટ | સીંજીવાડા |
| ૧૦૧ | શ્રી વસંતબેન નરોત્તમદાસ ઝઘડા | મુંબઈ |
| ૨૫૦ | શ્રી અલ્પેશભાઈ અશોકભાઈ પટેલ | હાલોલ |
| ૧૦૦ | શ્રી દુષ્યંતકુમાર રમેશભાઈ પટેલ | શિવપુરી |
| ૧૧૧ | શ્રી નિરવ એચ. ઠાકર | વિદ્યાનગર |
| ૧૦૦ | શ્રી રાહુલ ઘનશ્યામભાઈ ઠાકોર | મેતપુર |
| ૧૦૦ | શ્રી નિકુંજ ઘનશ્યામભાઈ ઠાકોર | મેતપુર |
| ૧૦૦ | શ્રી ભૂમિકા પ્રકાશચંદ્ર પટેલ | ભરૂચ |
| ૧૦૦ | શ્રી મણીબેન વિઠ્ઠલભાઈ પટેલ | કરમડી |
| ૧૦૧ | શ્રી મંગુબેન શુકદેવભાઈ | કરમડી |
| ૧૦૦ | શ્રી પ્રવિણસિંહ નાનુભાઈ રાઠોડ | બુધેજ |
| ૧૦૦ | શ્રી અરૂણભાઈ પી. પટેલ | ગોધરા |
| ૧૦૦ | શ્રી ઈન્દિરાબેન એ. પટેલ | ગોધરા |
| ૨૦૦ | શ્રી ભૂપેન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ | વણાદરા |
| ૧૦૧ | શ્રી કન્યાબેન જીતેશકુમાર કાબરાવાળા | ભરૂચ |
| ૧૦૧ | શ્રી વીણાબેન ઘનશ્યામભાઈ પટેલ | ગાંધીનગર |
| ૧૦૫ | શ્રી શારદાબેન મૂળજીભાઈ પટેલ | આમોદ |
| ૧૦૦ | શ્રી રૂદ્રાબેન સંજયભાઈ સોની | ડેસર |
| ૧૦૦ | શ્રી પ્રભાતભાઈ મંગળભાઈ ભોઈ | ભેટાશી |
| ૧૦૧ | શ્રી રમેશભાઈ છત્રાભાઈ રાઠવા | દાહોદ |
| ૧૦૦ | શ્રી સમીરભાઈ મૂળજીભાઈ પટેલ | દાંદા |
| ૫૦૧ | શ્રી આકાશ અલ્પેશભાઈ પટેલ (પીજવાળા) | એટલાન્ટા |
| ૧૦૧ | શ્રી ચંપકલાલ ઠાકોરદાસ સુરતવાળા | નવસારી |
| ૧૦૧ | શ્રી હેમતકુમાર કનુભાઈ ચૌહાણ | પિપળાવ |
| ૧૦૦ | શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કાું. હ. સુરેશભાઈ કે. પટેલ | વલેટવા |

| | | |
|---|---|---|
| ૧૦૦ | શ્રી સીતારામભાઈ મણીભાઈ | મોટા કરાળા |
| ૧૦૦ | શ્રી પ્રિતિબેન નિખિલભાઈ સોની | વડોદરા |
| ૧૦૦ | શ્રી વિરબાળાબેન એસ. રાય | અછાલીયા |
| ૧૦૧ | શ્રી વિરબાળાબેન એસ.રાય | અછાલીયા |
| ૧૦૧ | શ્રી જયાબેન સીતારામ | ચિખોદરા |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામભાઈ ટ્રેડર્સ | દાહોદ |
| ૧૦૦ | શ્રી અશ્વિનભાઈ રેવનદાસ પટેલ હ. વર્ષાબેન | નરસંડા |
| ૧૦૦ | શ્રી સરલાબેન હકુમતરાય દેસાઈ | સૂકા |
| ૧૦૦ | શ્રી ધર્મેશકુમાર રમેશભાઈ પરમાર | મહુડિયાપુરા |
| ૧૦૧ | શ્રી ગૌરાંગકુમાર અશોકભાઈ પટેલ | નરસંડા |
| ૧૦૦ | શ્રી ધનલક્ષ્મીબેન દક્ષિણી | રાજકોટ |
| ૧૦૦ | શ્રી સુશિલાબેન જશભાઈ પટેલ | જિટોડીયા |
| ૧૦૧ | શ્રી અમિતકુમાર પ્રવિણચંદ્ર દલાલ | સુરત |
| ૧૦૧ | શ્રી પ્રવિણચંદ્ર ભગવાનદાસ દલાલ | સુરત |
| ૧૦૧ | શ્રી રિદ્ધિ-સિદ્ધિ મનીષભાઈ વાઘેલા હ.પા.દિનુભગત | વડતાલ |
| ૧૦૧ | શ્રી રિદ્ધિ-સિદ્ધિ મનીષભાઈ વાઘેલા હ.પા.દિનુભગત | વડતાલ |
| ૧૦૧ | શ્રી ભાનુમતીબેન એ. સંદેરી હ.પા.દિનુભગત | મુંબઈ |
| ૧૦૧ | શ્રી પારૂલબેન જગદીશભાઈ ધ્યાની | આણંદ |
| ૧૦૧ | શ્રી પુષ્પાબેન ગોવિંદભાઈ પટેલ હ. સુરેશભાઈ | માંજલપુર |
| ૧૦૦ | શ્રી ચંદ્રિકાબેન વિષ્ણુભાઈ પટેલ | વડોદરા |
| ૧૦૦ | શ્રી ભવ્ય મહેશકુમાર પટેલ | નરસંડા |
| ૧૦૧ | શ્રી બિપીનચંદ્ર પરસોત્તમદાસ પટેલ | ભરૂચ |
| ૫૦૦ | શ્રી હાર્દિકભાઈ એ. પટેલ હ. અશોકભાઈ પટેલ | વડતાલ |
| ૧૦૧ | શ્રી નિશા ભરતભાઈ પટેલ | વડોદરા |
| ૧૦૧ | શ્રી નિશાની ભરતભાઈ પટેલ | વડોદરા |
| ૧૦૧ | શ્રી આરૂષી દિવ્યેશ પટેલ | યુ.એસ.એ. |
| ૧૦૬ | શ્રી નિયતી રાહુલભાઈ પટેલ | યુ.એસ.એ. |
| ૨૦૧ | શ્રી કિંજલ તથા વત્સલ ગિરીશભાઈ પટેલ | મુંબઈ |
| ૫૦૧ | શ્રી કેશવભાઈ છગનભાઈ પટેલ | હાંસોટ |
| ૧૦૦ | શ્રી સ્મૃતિ પટેલ | નવાગામ |
| ૧૦૧ | શ્રી જીતેન્દ્રકુમાર મગનલાલ ગાંધી | તરસાલી |
| ૧૧૧ | શ્રી ઘનશ્યામસિંહ ભીખુભાઈ વણાટ | કમીયાળા |
| ૧૦૧ | શ્રી રાહુલ ડી. વઘાસીયા (રાહુલ ભગત) | વડતાલ |
| ૧૦૦ | શ્રી અંબાલાલ શંકરભાઈ પટેલ | મૈયાલાટ |
| ૧૦૦ | શ્રી તરલીકાબેન કેતનકુમાર પટેલ | જીયા તલાવડી |
| ૨૫૧ | શ્રી વિજયભાઈ રણછોડભાઈ પટેલ | માલકીનપુરા |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામ ટ્રેડર્સ | દાહોદ |
| ૨૫૫ | શ્રી ભાનુભાઈ ઈશ્વરભાઈ પટેલ | સંધાણા |
| ૧૦૧ | શ્રી ઘનશ્યામભાઈ ડાહ્યાભાઈ પારેખ | રણોલી(ધર્મજ) |
| ૧૦૦ | શ્રી વિઠ્ઠલભાઈ મોતીભાઈ પંચાલ | રંગીપુરા |
| ૧૦૧ | શ્રી પ્રભુભાઈ ચતુરભાઈ મોહનભાઈ ગોહીલ | શેલા |
| ૧૦૧ | શ્રી અશોકભાઈ મણીભાઈ પટેલ - પીજવાળા | સેલવાસ |
| ૧૦૧ | શ્રી મંજુલાબેન ઘનશ્યામભાઈ પટેલ | રણું |
| ૬૦૧ | શ્રી સંગીતાબેન કિરણભાઈ પટેલ | યુ.એસ.એ. |
| ૧૦૧ | શ્રી કૈલાસબેન રમણભાઈ પટેલ | મંડાળા |
| ૧૦૧ | શ્રી હસમુખભાઈ સી. પટેલ | ઝાડેશ્વર |
| ૧૦૧ | શ્રી છગનલાલ અંબારામ લાલીવાળા | સુરત |
| ૧૦૧ | શ્રી સોમભાભાઈ શનાભાઈ પટેલ | નિમેટા |
| ૧૦૧ | શ્રી પ્રતિકકુમાર કિશોરભાઈ પટેલ | અવિધ |
| ૧૦૦ | શ્રી જયદીપભાઈ મહેન્દ્રભાઈ પટેલ | અવિધા |
| ૧૦૦ | શ્રી સંજયભાઈ ભોગીભાઈ પટેલ | અવિધા |
| ૨૦૦ | શ્રી વિનોદભાઈ પ્રભુભાઈ પટેલ | કલમ |
| ૧૦૦ | શ્રી ધ્રુવ તથા પ્રેમ તથા ભક્તિ | ચકલાદ |
| ૧૦૦ | શ્રી હિરેનભાઈ પ્રવિણભાઈ સોની | વડોદરા |
| ૧૦૦ | શ્રી ભૂમિકાબેન પ્રકાશચંદ્ર પટેલ | ભરૂચ |
| ૧૫૧ | શ્રી યશવંત ટ્રેડર્સ | ઉજ્જૈન |
| ૧૦૦ | શ્રી બિપીનચંદ્ર ઉમેદભાઈ પટેલ | વડોદરા |
| ૧૦૧ | શ્રી મહીજીભાઈ ગોકળભાઈ પરમાર | નરસંડા |
| ૧૦૧ | શ્રી પ્રવિણાબેન પાઠક | વડોદરા |
| ૧૦૦ | શ્રી હંસાબેન હસમુખભાઈ પટેલ | ભરૂચ |
| ૨૦૧ | શ્રી લલીતાબેન શનાભાઈ પટેલ હ. જીંકલકુમાર | ભરથાણા |
| ૨૦૧ | શ્રી સુરેશભાઈ શનાભાઈ પટેલ હ. જીંકલકુમાર | ભરથાણા |
| ૧૦૧ | શ્રી કમળાબેન કાન્તિભાઈ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ગીતાબેન જગદીશભાઈ પટેલ | નડિયાદ |
| ૧૦૧ | શ્રી ભાગ્યલક્ષ્મી ટ્રેડીંગ કું. હ. સુરેશભાઈ કે. પટેલ | વલેટવા |
| ૨૦૧ | શ્રી નંદાભાઈ જગાભાઈ ભરવાડ | કદવાલ |
| ૧૦૧ | શ્રી લલ્લુભાઈ શંકરભાઈ પરમાર | ગંધારા |
| ૧૫૧ | શ્રી મફતભાઈ વાલજીભાઈ ગોહિલ | ડાકોર |
| ૧૦૧ | શ્રી કનુભાઈ જેઠાભાઈ પટેલ | સંધાણા |
| ૧૫૧ | શ્રી નરહરિભાઈ મીઠાભાઈ પટેલ | કરખડી |
| ૨૫૧ | શ્રી વિપુલ રાણા | વડોદરા |
| ૧૦૧ | શ્રી વસંતબેન નરોત્તમભાઈ ઝઘડા | મુંબઈ |
| ૧૦૧ | શ્રી મનુભાઈ પ્રભુદાસ સાગર | દાદર |
| ૧૦૧ | શ્રી ભરતભાઈ મનુભાઈ સાગર | દાદર |
| ૨૦૧ | શ્રી નિશાબેન સોની | મુંબઈ |
| ૧૦૦ | શ્રી ધનલક્ષ્મીબેન દક્ષિણી | રાજકોટ |
| ૧૦૧ | શ્રી મીઠાભાઈ રામાભાઈ રાઠવા | મોટાકાંટવા |
| ૨૫૧ | શ્રી પ્રમોદભાઈ સ્વામિનારાયણ હ. પા. સ્નેહલભગત | જલગાંવ |
| ૧૫૧ | શ્રી રમણભાઈ ચિમનભાઈ બારીયા | પૂડા |
| ૧૦૧ | શ્રી હેમંતકુમાર કનુભાઈ ચૌહાણ | પિપળાવ |
| ૧૦૧ | શ્રી દિનેશકુમાર વિઠ્ઠલભાઈ સોમાભાઈ | પિપળાવ |
| ૧૦૧ | શ્રી સંજયભાઈ રતીભાઈ ઠાકોર | વિદ્યાનગર |
| ૧૧૦ | શ્રી પિનલસિંહ કુંવરસિંહ મકવાણા | પરીએજ |
| ૧૦૧ | શ્રી પ્રિયાબેન પ્રવિણભાઈ પટેલ | બાકરોલ |
| ૫૦૧ | શ્રી વૈભવભાઈ શિશિરભાઈ પટેલ | ભરૂચ |
| ૨૦૧ | શ્રી શિશિરભાઈ કેસુરભાઈ પટેલ | ભરૂચ |
| ૧૦૦ | શ્રી મહેશભાઈ બી. પટેલ | પિપળાવ |
| ૧૦૧ | શ્રી દિપકભાઈ શિવાભાઈ પટેલ | નરસંડા |
| ૧૦૧ | શ્રી મોહનભાઈ મણીભાઈ રાય | મોટાકરાળા |
| ૪૦૧ | શ્રી ચંપકલાલ ઠાકોરદાસ જ્યોતિષી - સુરતવાળા | નવસારી |

॥ वृत्तालये स भगवान जयतीह साक्षात् ॥

જય શ્રી સ્વામિનારાયણ

સર્વાવતારી આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજની પૂર્ણ કૃપા, વૃત્તાલય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને સમગ્ર વરતાલ દેશના મૂર્ધન્ય બ્રહ્મનિષ્ઠ સંતોના શુભ આશીર્વાદ સહ સહકાર એવં આપ સહુ ભક્તજનોના સહયોગથી વરતાલધામમાં વર્તમાન ટેમ્પલ બોર્ડ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં અદ્વિતીય વિકાસ કાર્યો થયા છે અને થઈ રહ્યા છે.

વરતાલ ગોમજી જિર્ણોદ્ધાર, ગાદીવાળા મેડાનો જિર્ણોદ્ધાર, નૂતન બ્રહ્મચારી એવં સંત નિવાસ નિર્માણ, પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.ચેરમેનશ્રી, પ.પૂ.મુખ્ય કોઠારીશ્રી, બોર્ડ વગેરેની ઓફિસોનું નિર્માણ, વરતાલ ગામમાં આર.સી.સી. રોડ નિર્માણ વગેરે કાર્યો થયા છે. હાલમાં ગોમતીજી કિનારે ૩૦૦ રૂમોના ઉતારાનું બાંધકામ પૂર્ણતાને આરે છે. સુવર્ણ શિખરો થઈ રહ્યા છે. નૂતન સંત ભોજનાલય એવં સંતોના ઉતારાનું કામ પૂર્ણતાના આરે છે. આ ઉપરાંત ૧૦ હજાર યાત્રિકો એક સાથે બેસીને પ્રસાદ લઈ શકે તેવું નૂતન યાત્રિક ભોજનાલયનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે.

ઉજ્જૈન - ઈન્દોર - જલગાંવ - વડતાલમાં કરોડો રૂપિયાની જમીન સંપાદિત કરવામાં આવી છે. સારંગપુરમાં ૩૦૦ રૂમનું બાંધકામ પૂર્ણતાને આરે છે. ધોલેરામાં તળાવનો જિર્ણોદ્ધાર થયો તથા નૂતન ભોજનાલયનું બાંધકામ પૂર્ણતાના આરે છે તથા સભા મંડપનું બાંધકામ ચાલુ છે. ઉપરાંત વડોદરા - હરિનગરમાં સુંદર આરસપહાણનું મંદિરનું બાંધકામ ચાલે છે. સુરત - રૂસ્તમબાગમાં લાલ પથ્થરના મંદિરનું નિર્માણ કાર્ય ચાલુ છે.

આ તમામ વિકાસ કાર્યોથી દેશ વિદેશના આબાલવૃદ્ધ સંતો ભક્તોએ રાજીપો વ્યક્ત કરીને અમને પીઠબળ આપ્યું છે, તેની સાભાર નોંધ લઈએ છીએ. આજ જ્યારે સમગ્ર સત્સંગ રાજીપો વરસાવી રહ્યા છે ત્યારે અમો અહીં વર્તમાન બોર્ડના છેલ્લા ત્રણ વર્ષ અને પહેલાનાં બોર્ડના ત્રણ વર્ષનો હિસાબ રજૂ કરીએ છીએ. આ આંકડાઓ મંદિરના ઓડિટ રીપોર્ટના આધારે વાસ્તવિક આવક - જાવક અને ફિક્સ ડિપોઝીટમાં કેટલો વધારો થયો છે તે દર્શાવે છે.

| વર્ષ | ઉપજ | ખર્ચ | વધારો | બેંક ફિક્સ ડિપોઝીટ |
|---|---|---|---|---|
| **પહેલાનું બોર્ડ** | | | | |
| 2007-08 | 78343698-00 | 54348930-00 | 23994768-00 | 140567056-00 |
| 2008-09 | 85070164-00 | 61454588-00 | 23615576-00 | 142444059-00 |
| 2009-10 | 99496500-00 | 84039094-00 | 15457406-00 | 154257110-00 |
| **હાલનું વર્તમાન બોર્ડ** | | | | |
| 2010-11 | 126821682-00 | 86666518-00 | 40155164-00 | 192780587-00 |
| 2011-12 | 178499945-00 | 147276787-00 | 31223158-00 | 240963179-00 |
| 2012-13 | 169539433-00 | 132380915-00 | 37158518-00 | 251671602-00 |



ગુરુ પૂર્ણિમા નિમિત્તે પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના પૂજન
તથા આશીર્વચનનો લાભ મેળવતાં પૂ.સંતો

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KDA-86/2011-13" Valid up to 31.12.2013. Posted From Vadtal Post Office. On 20th Date of every month





શ્રી સ્વામીનારાયણ મંદિર વડતાલધામ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી આશીર્વાદ મેળવતાં પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ





પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજનું પૂજન કરતાં
પ.પૂ.સદ્.શ્રી નીલકંઠચરણદાસજી (મુખ્ય કોઠારીશ્રી), પૂ. શ્રી ભાસ્કર ભગત (ચેરમેનશ્રી)
ટ્રસ્ટી બોર્ડના સભ્યશ્રીઓ





ગુરુ પૂર્ણિમા નિમિત્તે શ્રી હરિકૃષ્ણ મહારાજના દર્શન તથા પૂજ્ય આચાર્યશ્રીનું પૂજન - અર્ચન તથા આશીર્વાદ મેળવવા ઉમટી પડેલા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો